Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૨૪ • તા. ૧૫ જુન થી ૨૧ જુન ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘ શ્રી વર્ધમાન પરિવાર તથા વિધિ પરિવાર દ્વારા શ્રીમતી મેનકા ગાંધીની હાજરીમાં અનેક વિદ્વાન એડ્વોકેટસ તથા અહિંસા પ્રેમીઓ દ્વારા સમગ્ર ભારતમાં ગૌવંશ વધ પ્રતિબંધનો કાયદો ત્વરિત લાવવા માટે જીવદયાનો પરિસંવાદ યોજાયો.






## રચના મહિલા મંડળનો રજત જયંતીવર્ષ સમારોહ





## શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબીવલી શૈક્ષણિક સમારોહ સંપન્ન









આ તસ્વીરો સંબંધિત અહેવાલો આ અંકમાં

# સાયંરા (કોટડી મહાદેવપુરી) નો ગૌરવ

**10th Std.**
**CBSE Board** 93.10%

ઝળહળતી સફળતા મેળવનાર
ઘ્રોળ પરિવાર નો રતન

## ચિ. વંદન મહેશ ઘ્રોળ





*!!..Congratulations..!!*

"Education is the most powerful weapon which you can use to change the world"
- Nelson Mandela

શૈક્ષણીક ક્ષેત્રે પુરુષાર્થના કલમ પડે ઊતરોતર પ્રગતીના પગથિયા ચડતો રહે
માતા પિતા અને પરિવારનુ ગૌરવ વધારતો રહે

**એજ શુભેચ્છા સહ અભિનંદન**

| | | |
|---|---|---|
| પપ્પા | - મહેશ રાયચંદ ઘ્રોળ (શાહ) | (સાયંરા-બોરીવલી) |
| મમ્મી | - બીના મહેશ ઘ્રોળ | (સાયંરા-બોરીવલી) |
| દાદા દાદી | - માતુશ્રી લીલાવંતી રાયચંદ ઘ્રોળ | (સાયંરા-ડોંબીવલી) |
| નાના નાની | - માતુશ્રી કસ્તુરબેન મેઘજી ગલિયા | (લુણી-ડોંબીવલી) |
| મોટા કાકા કાકી | - પારૂલ ખીરેશ ઘ્રોળ | (સાયંરા-ડોંબીવલી) |
| કાકા કાકી | - સોનલ દિલેશ ઘ્રોળ | (સાયંરા-ડોંબીવલી) |
| ફઇ ફુઆ | - મીતા ભરત મોમાયા | (જખૌ-ડોંબીવલી) |
| ભાઇ-બહેન | - કેવલ , સાગર , મૈત્રી , તેજલ , વૃષ્ટિ | |


WHITE HORSE
WHITE HORSE CERAMIC

White Horse Ceramic - Malaysia
ALL INDIA AGENCY
**Mahesh Shah**
Contact: +91 976 9999 000
Email: mahesh@whitehorseceramic.in
Website: www.whitehorseceramic.in

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 24/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## તંત્રી સમીપે

# અનંતનાથજી ટ્રસ્ટની સ્થાવર મિલકતો અંગે સર્વગ્રાહી વિચારણા થવી જોઈએ...

અનંતનાથજી ટ્રસ્ટના નવા ટ્રસ્ટીઓએ વહીવટી કાર્યભાર સંભાળ્યો તેને લગભગ અઢી મહીના થયા છે. પ્રમાણમાં વિશાળ વૈવિધ્યતા અને જટિલ માળખું ધરાવતા આ ટ્રસ્ટના વહીવટનો સર્વાંગી અનુભવ હોય એ દૃષ્ટિએ ટ્રસ્ટીઓની પાટી કોરી છે. આમાં પણ, ટ્રસ્ટના વહીવટ અંગે હાઈકોર્ટે ઘડેલી સ્કીમની જોગવાઈઓ, ટ્રસ્ટ અને તેમાં નિરૂપાયેલ ટ્રસ્ટ અને મુંબઈ મહાજન વચ્ચેના અધિકારોની વહેંચણી, મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટ હેઠળની જોગવાઈઓ તેમજ રોજબરોજના વહીવટમાં ઊભી થતી કાનૂની સમસ્યાઓ જેવા મુદ્દાઓ અને તેના ઉકેલ બાબતે સુપેરે અભ્યાસ કરવા અને સમજણ કેળવવાની પરિપક્વતા નવા ટ્રસ્ટીઓ આ અઢી મહીનામાં હાંસલ કરી લે તેવી અપેક્ષા ન રખાય તે ભલે સ્વભાવિક હોય પરંતુ કાનૂની દૃષ્ટિએ તો કોઈ પણ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ટ્રસ્ટ એક્ટની જોગવાઈઓનું ચુસ્ત પાલન કર્યા વિના અન્ય વિકલ્પ હોતો જ નથી, તેમાં નવા કે બીન અનુભવી ટ્રસ્ટીઓ માટે કોઈ અપવાદ, છુટછાટ કે રાહત હોતી નથી તેથી વર્તમાન ટ્રસ્ટબોર્ડ પૂરતી ગંભીરતાથી વહીવટી દોર સંભાળે તે જરૂરી બને છે.

હાઈકોર્ટે અનંતનાથજી ટ્રસ્ટની વહીવટી સ્કીમ ઘડી તેને આ વર્ષે સપ્ટેંબરમાં ૭૦ વર્ષ પૂરાં થાય છે અને તે એક ધાર્મિક અને સખાવતી ટ્રસ્ટ હોવા છતાં જ્ઞાતિજનો અને ટ્રસ્ટીઓ સુધ્ધાં આ ટ્રસ્ટને માત્ર સ્થાવર મિલકતોનું જ ટ્રસ્ટ હોય તેમ વ્યવહારમાં આ ૭૦ વર્ષથી માનતા આવ્યા છે. આ અરસામાં બે-ત્રણ જ પ્રસંગો એવા બન્યા હશે જ્યારે જ્ઞાતિએ આ ટ્રસ્ટ પાસેથી કોઈ વિશેષ ધાર્મિક આયોજન યોજવા અપેક્ષા રાખી હોય ! જ્ઞાતિના આવા અભિગમને કારણે ટ્રસ્ટની વિવિધ મિલકતો, જેમાં જ્ઞાતિજનો જ બહુસંખ્ય ભાડુતો છે તેમની સુવિધા સમારકામ-સુરક્ષા જેવી બાબતે વિવિધ સમસ્યાઓની ટ્રસ્ટીઓ પૂરતી સંભાળ રાખે તેવી અપેક્ષાઓ જ મુખ્યતઃ સેવાતી આવી છે. જ્ઞાતિજનોની ચારેક પેઢીઓ નિહાળતી આવી છે તેમ ટ્રસ્ટીઓની ચૂંટણીનું રાજકારણ પણ આ અપેક્ષાઓના જમા-ઉધાર પાસા પર ખેલાતું આવ્યું છે અને ચૂંટણીઓના પરિણામો પર પણ તેની સીધી અસર પડતી રહી છે.

વર્તમાન ટ્રસ્ટીઓએ કાર્યભાર અખત્યાર કર્યો ત્યારે ટ્રસ્ટની સ્થાવર મિલકતોના વહીવટ માટે કાં તો પુનર્વિકાસ, કાં તો સમારકામ, અથવા તો નવ નિર્માણ અથવા કાનૂની કાર્યવાહી એમ ચતુર્વિધ પ્રશ્નો જ તેમની વાટ જોઈ રહ્યા હોય તેવી પરિસ્થિતિમાં તેમણે ટ્રસ્ટ પ્રવેશ કર્યો છે.

સ્થાવર મિલકતોના વહીવટની વિચારણા કરવાની હોય ત્યારે પ્રથમ તો તેના આવક-જાવકના પાસાની સમતુલા જાળવવાનો પ્રશ્ન પ્રસ્તુત બને છે. આમ પણ, મુંબઈ ટ્રસ્ટ એક્ટની કલમ ૩૧ અનુસાર ટ્રસ્ટીઓએ સમગ્ર ટ્રસ્ટનું વાર્ષિક બજેટ હિસાબી વર્ષના આરંભના એકાદ મહિના પહેલાં તૈયાર કરી ચેરીટી કમીશ્નરને મોકલવાનું ફરજિયાત છે. તે દૃષ્ટિએ પણ ટ્રસ્ટીઓએ વહીવટી બાબતોની સમગ્રતયા વિચારણા કરીને આવું અંદાજપત્ર અત્યાર સુધીમાં તૈયાર કર્યું હશે તો ટ્રસ્ટ વહીવટનો પહેલો પડાવ તેમણે સફળતાપૂર્વક સર કર્યો ગણાશે.

એ જે હોય તે, ટ્રસ્ટની સ્થાવર મિલકતોમાં મુંબઈની મસ્જીદબંદરની અને પરાંઓની જમીનો-મિલકતો ઉપરાંત કુમઠા-વાલગિરીમાં અને કચ્છ માંડવીની 'ધર્મશાળા'ની મિલકતોનો સમાવેશ થાય છે.

કુમઠા-વાલગિરીની સોપારી-નાળિયેરીની ખેતીવાડીની જમીન-મિલકતોનો વિષય હાલ પુરતો બાજુએ મૂકીએ તો ઉપરોક્ત અન્ય મિલકતો પોતપોતાની રીતે વિશિષ્ટતા ધરાવે છે અને સ્વતંત્ર વિચારણા માગી લે છે.

મસ્જીદબંદરની મિલકતોમાં આપણા જ્ઞાતિજનો દ્વારા રહેણાક માટે ઉપયોગમાં લેવાતા મકાનોમાં અનંત નિવાસ, અનંત ભુવન (જુનું તેમજ નવું), જથ્થાવાળા હાઉસ, મલબારી હાઉસ ઉપરાંત અનંતનાથજી દેરાસરજી, શાકગલી ઘર, અનંત સદન, નવા ઘરના જમીન-

મકાનો અને 'અનંત દીપ'ની લીઝ પર અપાયેલ જમીનની માલિકીવાળી મિલકતો અંગે ત્રણેક સપ્તાહ પહેલાં ટ્રસ્ટીઓએ સવિસ્તર પ્લાન-નકશા દર્શાવી પાયાની માહિતી જાહેર કરી જ્ઞાતિજનો પાસેથી તે બાબતે સૂચનો - અભિપ્રાયો મંગાવ્યા હતા. પણ તેને હજી સુધી સુયોગ્ય પ્રતિસાદ મળ્યો નથી તેની નોંધ લઈએ તેની સાથે જ આમાંની મુખ્યત્વે રહેણાકની મિલકતોના પુનર્વિકાસ કરવાની યોજના ત્યારે જ વ્યવહારૂ બની શકે, જો તેમને કલસ્ટર યોજનામાં સામેલ કરવામાં આવે તો. અન્યથા તેમનું સમારકામ કરાવી બીજા દશ-પંદર વર્ષ સાચવી રાખવાનો વિકલ્પ બાકી રહે છે.

માંડવી મસ્જીદબંદરની મિલકતોના પુનર્વિકાસનો મુદો સમસ્ત જ્ઞાતિનો પ્રશ્ન છે. આમાં ખાસ કરીને બે સદીઓ જુના અને જ્ઞાતિના પરમ આસ્થા સ્થાન સ્વરૂપ અનંતનાથજી દેરાસરજી નજીક આપણી વસતી હોય તે એક રીતે ખૂબ જ જરૂરી છે, પરંતુ અનંત નિવાસ, અનંત ભુવન, જથ્થાવાળા માળા અને મલબારીવાળા માળામાં રહેતા આપણા જ્ઞાતિજનો એ મિલકતોનો પુનર્વિકાસ થયા બાદ અને માલિકી ધોરણે રહેણાક મેળવ્યા પછી તે માત્ર આપણા જ્ઞાતિજનોને જ વેચી શકાય તેવી શરત માનવા તૈયાર છે કે કેમ અને તેના કરતાં પણ તેઓ મસ્જીદબંદર-માંડવી વિભાગમાં રહેવા અંગે ઈચ્છુક છે કે કેમ તે બાબતે તેમના મત જાણવા જરૂરી બને છે. આ રીતે આ વિસ્તારની મિલકતો જ્ઞાતિ માટે પ્રાણ પ્રશ્ન કહી શકાય તે પ્રકારની છે. સુપ્રીમ કોર્ટે ૨૦૦૭ માં ઝોરાસ્ટ્રીઅન કો. ઓપ. હાઉસીંગ સોસાયટીના કેસમાં એવો ચુકાદો આપ્યો છે કે કોઈ પણ હાઉસીંગ સોસાયટી તેના બાય લોઝમાં એવી જોગવાઈ રાખી શકે છે કે તેનું સભ્યપદ એક ચોક્કસ જ્ઞાતિ કે જાતિ પૂરતું જ મર્યાદિત રહેશે. આ રીતે 'અનંત છાયા'ના ભાડુતોને તે જમીન પર એક જુદા સ્વતંત્ર મકાનમાં માલિકી ધોરણે ફ્લેટો મળશે ત્યારે તેની સોસાયટીનાં બાયલોઝમાં આપણા જ્ઞાતિજનો જ સભ્યો હોય તેવી જોગવાઈ આમેજ કરવા તેઓ કેટલા ઈચ્છુક છે તેની જાણકારી મેળવવા પણ ટ્રસ્ટીઓએ કાર્યવાહી કરવી જોઈએ. આ રીતે મસ્જીબંદરના ટ્રસ્ટ મકાનોમાં રહેતા ભાડુતો તો ઠીક અન્ય જ્ઞાતિજનો પણ આ વિસ્તારને કેટલો પસંદ કરે છે તેનો સર્વે થવો જોઈએ જેથી આ મિલકતોના પુનર્વિકાસ અંગે સમુચિત નિર્ણય લઈ શકાય.

આ વિસ્તારમાં ટ્રસ્ટની માલિકીની જમીન પર પચાસેક વર્ષ પહેલાં ૯૯ વર્ષના લીઝ પટ્ટે ભાડેથી અનંતદીપ સોસાયટી પોતાનું મકાન ધરાવે છે. આ લીઝને માલિકીમાં તબદિલી કરવા બાબતે ઊક્ત સોસોયટી ઈચ્છુક હોય તો તેની વેચાણ કિંમત ઠેરાવવા વાટાઘાટો કરવા ટ્રસ્ટીઓએ પ્રયત્નશીલ બનવું પડશે, જેથી અન્ય મિલકતો અંગે થનાર ખર્ચ સામે આ વેચાણ દ્વારા કેટલું ફંડ મળે છે તેનો અંદાજ આવે.

મસ્જીદ બંદરમાં આ ઉપરાંત દાણાબંદર વિસ્તારમાં માંડવી ટાઉન પ્લાનીંગ સ્કીમ હેઠળ ટ્રસ્ટને ફાળવણી થયેલ એક પ્લોટ છે તેના પર પંદર-વીસ અતિક્રમણીઓ કબજો જમાવી બેઠા છે. દશેક વર્ષ પહેલાં મુંબઈ હાઈકોર્ટે આ અતિક્રમણીઓને હટાવી તેનો ખાલી કબજો ટ્રસ્ટને સોંપવાનો સ્પષ્ટ આદેશ આપ્યો હતો તેના અનુસંધાનમાં હાઈકોર્ટમાં યોગ્ય અરજી કરી મ્યુનીસીપલ કોર્પોરેશનને સમયબધ્ધ અવધિમાં પગલાં લેવાની ફરજ પાડવા નવેસરથી આદેશ મેળવવાની કાર્યવાહી કરવામાં છેલ્લાં બે ટ્રસ્ટબોર્ડે સરિયામ નિષ્ક્રિયતા દાખવી છે તેને હવે બહુ મહત્વ આપ્યા વિના વર્તમાન ટ્રસ્ટબોર્ડે બનતી ત્વરાએ કાનૂની કાર્યવાહી કરવી પડશે.

ટ્રસ્ટની પરાંની મિલકતમાં કાંજુરમાર્ગની ૧૩,૮૦૦ ચો. મીટરની જમીનના એક હિસ્સા પર શ્રી અનંતનાથજી કોમ્પલેક્ષના મકાનોમાં રહેતા ફ્લેટ ધારકોએ પાંચેક વર્ષ પહેલાં સહકારી સોસાયટી રજીસ્ટર કરાવી હતી અને વધુમાં તેમણે ગયા વર્ષે સોસાયટી રજીસ્ટ્રારના દફતરે ટ્રસ્ટ સામે કાર્યવાહી કરીને જમીન-મકાનની માલિકી હક મેળવવાનો ડીમ્ડ કન્વેયન્સનો આદેશ પણ મેળવી લીધો છે. આ હુકમમાં નિર્દેશ કરાયેલ જમીનના અમુક હિસ્સામાં ગત ટ્રસ્ટબોર્ડે નૂતન દેરાસર બાંધવા શિલાન્યાસની વિધિ કરી હતી. એટલે આ બધા મુદ્દે સોસાયટી સાથે વાટાઘાટ - બેઠકો યોજી જ્ઞાતિના વિશાળ હિતમાં અત્યારના મકાનોને પણ આખી જમીનના પુનર્વિકાસની યોજનામાં સામેલ કરી નવેસરથી વિકાસ કરી શકાય તે ઉદ્દેશાર્થે સોસાયટી સાથે સમાધાનની ભૂમિકા ઊભી કરવાની જવાબદારી ટ્રસ્ટીઓએ નિભાવવાની છે.

કાંજુરમાર્ગની ઉક્ત જમીનમાંથી ૬૯૦૦ ચો. મીટર જેટલી જમીન અંગે જાન્યુઆરી ૨૦૦૪માં તે વખતના ટ્રસ્ટબોર્ડે શૈક્ષણિક હેતુસર ઉપયોગ કરી શકાય તે મતલબનો સરકારી હુકમ મેળવ્યો હતો. આ મુદ્દે કઈ રીતે ઉકેલ લાવવો તેની વિચારણા કરતી વખતે અન્ય સંલગ્ન પાસું એ છે કે આખી જમીન પર ડિસ્ટ્રીક્ટ સેન્ટર, ફ્લાવર માર્કેટ, ડિસ્ટ્રીક્ટ કમ્યુનીટી ઝોન, ૨૭.૪૫ મીટર પહોળા ડી.પી. રોડ, નાળા, કૂવા, પાઈપલાઈન, ઈલેક્ટ્રીક ટ્રાન્સમીશન લાઈન તથા કોસ્ટલ એરીયા તરિકેના ડી. પી. પ્લાન હેઠળના વિવિધ આરક્ષણો સૂચવાયા છે.

તેવી જ રીતે, આ આખી મિલકત અંગે કેટલીક અપ્રમાણિક અને છલકપટ નિષ્ણાત વ્યક્તિઓએ કોર્ટ સાથે છેતરપિંડી કરી ગેરકાનૂની રીતે માલિકી હક મેળવતી ડીક્રી લીધી હતી તેને પડકારતા દાવાઓ પણ કોર્ટમાં ઊભા છે. આમાં ટ્રસ્ટ વતી સાક્ષી-જુબાની આપવા યોગ્ય વ્યક્તિની, ભૂતપૂર્વ ટ્રસ્ટીઓમાંથી કે અન્ય અનુભવી સાક્ષી તરીકે, નિમણુંક કરવાની તાત્કાલિક જવાબદારી પણ ટ્રસ્ટીઓએ અદા કરવાની છે.

આમ કાંજુરમાર્ગની જમીનને અટપટા પ્રશ્નો લાગુ પડે

છે જેના ઊંડાણમાં ગયા વિના અન્ય વિકલ્પ નથી. આ રીતે પર્યાપ્ત અભ્યાસ કર્યા બાદ જ આ મિલકતની બજાર કિંમત અને પુનર્વિકાસના કાર્યની શક્યતાના મુદ્દે મુલ્યાંકન કરી શકાય કે આખરી નિર્ણય લઈ શકાય. ટ્રસ્ટીઓએ આ અભ્યાસ-અભિપ્રાયની કાર્યવાહી ઝડપી કરવી પડશે.

ટ્રસ્ટની ભાંડુપની 'અનંતસિધ્ધિ'ની મિલકતના પુનર્વિકાસનો મુદ્દો સૌથી વધારે ચર્ચામાં છે અને ટ્રસ્ટીઓ પણ આ પ્રશ્ને અમુક અંશે દબાણ અનુભવે તે સ્વાભાવિક છે. પરંતુ આ મિલકતનો મૂળભૂત પાયો વિસરીને તેના પુનર્વિકાસ માટે ઉતાવળ કરવી ઈચ્છનીય નથી.

ભાંડુપની આ મિલકત 'સેનેટરીયમ'ના ઉદ્દેશાર્થે વપરાશના હેતુસર 'મુંબઈ મહાજન હસ્તક સ્કીમ ફંડ ટ્રસ્ટ'ની અકસ્યામત હતી. ૧૯૬૭-૬૮માં ચેરીટી કમીશ્નર સમક્ષ અને છેવટે મુંબઈ હાઈકોર્ટમાં વિવિધ અરજી-અપીલોના નિષ્કર્ષ રૂપે ઉપરોક્ત સ્કીમ ફંડ ટ્રસ્ટનું અનંતનાથજી ટ્રસ્ટમાં વિલીનીકરણ થયું જેમાં હાઈકોર્ટે આપેલ આદેશાનુસાર અનંતનાથજી ટ્રસ્ટે આ મિલકતનો વહીવટ કરતી વખતે સેનેટરીયમનો ઉદ્દેશ જાળવવો પડશે. અલબત્ત, પાંત્રીસેક વર્ષ પહેલાં સેનેટરીયમના મકાનો તોડીને વર્તમાન 'અનંતસિધ્ધિ' અસ્તિત્વમાં આવ્યું તે વખતના ટ્રસ્ટીઓએ હાઈકોર્ટના ઉક્ત આદેશનું ઉલ્લંઘન કર્યું હતું તે જુદી વાત છે. પરંતુ હવે પછી આ મિલકતનો પુનર્વિકાસ થાય ત્યારે તેમાં બાંધકામનો અમુક હિસ્સો સેનેટેરિયમ જેવા ઉદ્દેશ્ય માટે રાખવો પડશે એ વાત તે ધ્યાનમાં રાખવું પડશે.

આ ઉપરાંત પણ આ મિલકતનો પુનર્વિકાસ થાય તો અત્યારના ભાડુતો-જ્ઞાતિજનો માલિકી ધોરણે ફ્લેટ મેળવશે તેના કરારમાં આ ફ્લેટ ફક્ત આપણા જ્ઞાતિજનોને જ વેચી શકાય તેવી શરત કે જોગવાઈ આમેજ કરવા તેઓ સંમત છે કે કેમ તે મુદ્દો સર્વાધિક મહત્વનો છે. વળી, આ મિલકતની લગોલગ આપણું દેરાસર છે તેથી અનંતસિધ્ધિના રીડેવલપમેન્ટ પછી ભાડુતો ઈતર જૈન જ્ઞાતિના સભ્યોને પોતાના ફ્લેટો વેચવા મુક્ત હોય તો તેમાં અન્ય જૈન સમાજ બહુમતીમાં ફ્લેટધારકો બનશે તેવી પૂરેપૂરી શક્યતા છે. ટ્રસ્ટીઓએ અહીં પણ જ્ઞાતિના ભાડુતોને વિશ્વાસમાં લઈને ભવિષ્યમાં આપણી વસતી કાયમ રહે તે અનુસારની પુનર્વિકાસની યોજના કરવી પડશે.

'અનંત છાયા'ના ભાડુતો પોતાની નવી સોસાયટીના બાય લોઝમાં ફક્ત ક.દ.ઓ જ્ઞાતિજનો જ સભ્યપદ ધરાવી શકે તેવી જોગવાઈ મુકવાની પહેલ કરશે તો મસ્જીદબંદરની મિલકતો અને કાંજુરમાર્ગ અને 'અનંત સિધ્ધિ'ની પુનર્વિકસિત મિલકતોની સોસાયટીઓ પણ વિશાળ જ્ઞાતિહિતમાં તેને અનુસરશે એ ચોક્કસ છે. ટ્રસ્ટીઓ માટે આ કસોટી કઠિન જરૂર છે પણ સમગ્ર જ્ઞાતિનો સાથ-સહકાર લઈને તેઓ આ દિશામાં પ્રવૃત થશે તો તેમને યશ-સફળતા મળે તે પણ ચોક્કસ છે.

અનંતનાથજી ટ્રસ્ટની કચ્છ-માંડવીની 'માંડવી ધર્મશાળા'ની મિલકત પણ એક અગત્યની મિલકત છે. આ મિલકત ૧૯૬૭ પહેલાં તે વખતના ''શ્રી મહાજન હસ્તક સ્કીમ ટ્રસ્ટ ફંડ''ની મિલકત હતી. નામદાર હાઈકોર્ટના હુકમ અનુસાર ઉક્ત ટ્રસ્ટનું અનંતનાથજી ટ્રસ્ટમાં વિલીનીકરણ મંજુર થયું પણ તે સાથે એવી સૂચના અપાયેલ કે 'સ્કીમ ફંડ ટ્રસ્ટ'ની વિવિધ મિલકતો જે જે ઉદ્દેશ ધરાવતી હોય તે તે ઉદ્દેશ અનંતનાથજી ટ્રસ્ટે જાળવવા પડશે. આ રીતે આ અગાઉ ઉલ્લેખ કર્યો છે તે અનુસાર ભવિષ્યમાં 'અનંતસિધ્ધિ' પર સેનેટરીયમ જેવી સુવિધા પણ ઉપલબ્ધ રાખવી જરૂરી રહેશે. આમ માંડવીની ઉક્ત 'ધર્મશાળા' હેતુસરની જમીન, જે અત્યારે બિસમાર હાલતમાં છે અને જ્યાં ત્રણ-ચાર ભાડુતો ખાલી કરવા મચક આપતા નથી તેમની સાથે સમાધાન કર્યા વિના તે મિલકતનું નવનિર્માણ કરી શકાય તેમ નથી. ગત ટ્રસ્ટબોર્ડને જ્ઞાતિ અગ્રણી પ્રવીણ હંશરાજ લોડાયાનો ભરસક સહયોગ મળતાં તેમના પ્રયત્નોથી માંડવી ધર્મશાળાના મોટા ભાગના ભાડુતોને ખાલી કરવાની કાર્યવાહી થઈ હતી અને તેવો હિસ્સો સમથળ કરીને ચારે બાજુ સુરક્ષા બાંધકામ કરાવીને અકબંધ રખાયો છે. જ્ઞાતિની એક સમયની જાહોજલાલીના પ્રતીક સમી આ મિલકતનું હવે ફરીથી 'માંડવી' બંદરની કાયાપલટ થવાની છે, ત્યારે પુનનિર્માણ કરવા અંગે પણ ટ્રસ્ટીઓએ નિર્ણય લેવાનો છે.

અલબત્ત, હાલ તુરત તો ટ્રસ્ટીઓ આ સર્વ મિલકતોમાંથી મુંબઈની મિલકતો અંગે સમારકામ કે પુનર્વિકાસ કે નવનિર્માણ જેવા મુદ્દે નિર્ણય લઈ શકે તેમ નથી તે હકીકત એ રીતે ચોક્કસ છે કે મુંબઈ મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા મુંબઈ શહેર અને પરાંઓ માટે આગામી ૨૦ વર્ષીય એટલે કે સને ૨૦૩૪ વર્ષ સુધીનો ડેવલપમેન્ટ પ્લાન હજી આખરીકરણ પામ્યો નથી. તેવી જ રીતે ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશનમાં પણ સુધારાઓ આવી રહ્યા છે જેની રૂએ બાંધકામની એફ.એસ.આઈ. ત્રણથી સાત ગણી થવાની શક્યતા છે. આ ડેવલપમેન્ટ પ્લાન અને રેગ્યુલેશન્સ હજી છ-સાત મહીના સુધી અમલમાં આવે તે પર પણ પ્રશ્નાર્થ છે. એટલે મુંબઈની આ સ્થાવર મિલકતો અને તેમની વિકાસક્ષમતાનું મુલ્યાંકન સુનિશ્ચિત બને તે માટે ઓછામાં ઓછા છ મહીના વિતી જશે. તેથી ટ્રસ્ટીઓ પણ ત્યાં સુધી મુંબઈની ઉપરોક્ત સંબંધિત મિલકતો બાબતે કોઈ આખરી નિર્ણય લઈ શકશે નહીં.

એક વાર મિલકતોના બાંધકામ, પુનર્વિકાસ કે નવનિર્માણ બાબતે સરકારી અને મ્યુનિસીપલ સ્તરે નિશ્ચિતતા આવી જાય તે પછી ટ્રસ્ટીઓ જ્ઞાતિના આર્કિટેક્ટર્સ્ અને બિલ્ડરો તેમજ તેમના પણ આર્કિટેક્ટેસ્ પાસેથી આ મિલકતોનો વિવિધ મુદ્દે અહેવાલ-અભિપ્રાય મેળવવાની કાર્યવાહી કરશે તો દરેકે દરેક મિલકત વિશે એક કરતાં વધુ દૃષ્ટિકોણ અને પ્રસ્તાવ મેળવી શકાશે અને તેથી

આ બાબતે સમગ્રતયા વિચારણા થઈ શકશે. આને લીધે કઈ મિલકતનો પુનર્વિકાસ કે નિકાલ કરવો જોઈએ કે કઈ મિલકત કે મિલકતોને અગ્રતાક્રમ આપવો તેમજ તે અંગેના ફંડસ ઊભા કરવા કે અનામત રાખવા વિગેરેની સર્વગ્રાહી વિચારણા સાથે તબક્કાવાર આયોજનની સુરેખ રૂપરેખા ટ્રસ્ટીઓ ઘડી શકશે.

ટ્રસ્ટની ઉક્ત મિલકતોના પુનર્વિકાસ કે સમારકામ કરવા માટે ફંડસની ઉપલબ્ધતાનું ચિત્ર બિલ્કુલ સંતોષજનક નથી. 'અનંતછાયા'ની જેમ કોઈ પણ રહેણાકના હેતુસર વપરાતી મિલકતનું વેચાણ કરવું પણ ટ્રસ્ટીઓને કે જ્ઞાતિને સ્વીકાર્ય ન બને. અન્યત્ર જેમ સર્વ સામાન્ય ચલણ છે તેમ મિલકતના પુનર્વિકાસની યોજનામાં ડેવલપર પોતાના ફંડ રોકીને બાંધકામ કરે પરંતુ મિલકતની માલિકી છેવટે મુખ્ય માલિક પાસે રહેતી નથી તે માર્ગ પણ સ્વીકાર્ય ન બને. આ સંજોગોમાં 'અનંતછાયા'ના વેચાણ બાબતે જાન્યુઆરી ૨૦૧૩માં ચેરીટી કમીશ્નરે અને જુલાઈ ૨૦૧૩માં હાઈકોર્ટે જે આદેશો આપ્યા છે તેના અનુસંધાનમાં ચેરીટી કમીશ્નર સમક્ષ યોગ્ય કાર્યવાહી કરી ટ્રસ્ટીઓ ઉક્ત વેચાણ કિંમતના કોર્પસનો અમુક હિસ્સો થોડા સમય માટે લોન રૂપે ઉપયોગમાં લઈ શકાય તેવી પરવાનગી મેળવી શકે છે. આમ થશે, તો જ ટ્રસ્ટીઓ એક પછી એક મિલકતોનો જ્ઞાતિજનોની બહુમતિ વસ્તિ જળવાઈ રહે તે રીતે પુનર્વિકાસ કરી શકાશે.

આમ, આગામી એકાદ વર્ષમાં આ વિવિધ કાર્યવાહીઓ માટે ટ્રસ્ટીઓની પ્રતિબદ્ધતા અને નિશ્ચયાત્મકતાની કસોટી થશે. એમાં જો કોઈ કચાશ કે ઢીલાશ નહીં રખાય તો ટ્રસ્ટની મિલકતોની વિકાસક્ષમતા અને મર્યાદાઓથી જ્ઞાતિ સુમાહિતીગર થશે અને તો જ જે રીતે વર્તમાન ટ્રસ્ટીઓએ પોતાનો દોર આરંભ્યો છે તે પારદર્શિતાના વાતાવરણમાં જ્ઞાતિજનો, લાભાર્થીઓ, અન્ય અગ્રણીઓ અને ટ્રસ્ટીઓ વચ્ચે પરસ્પર વિચાર વિમર્શ, સંકલન અને સહયોગની ભૂમિકા આકાર પામશે, જે આવનારા વર્ષોમાં જ્ઞાતિ ઐક્ય સાધવા માટે મહત્ત્વનું પરિબળ બની રહેશે.

રા.

**શ્રી. કે.ડી.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ : શાળાના અભ્યાસ માટે શૈક્ષણિક સહાય**

ભારતના કોઈ પણ સ્થળમાં રહેતા કે.ડી.ઓ. જ્ઞાતિના ધોરણ જુનિયર કે.જી.થી ધોરણ ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શાળા ફી, પુસ્તક સહાય, કોમ્પ્યુટર ફી વગેરે માટે પ્રતિ વર્ષ રૂા. ૧૫,૦૦૦/- સુધીની ફી સહાય માટેના અરજી ફોર્મ આપવાના ચાલુ છે. ફોર્મ ભરીને આપવાની છેલ્લી તારીખ ૩૦-૦૬-૨૦૧૫ છે. અરજીફોર્મ સંસ્થાની ઓફિસેથી મળશે. સંપર્ક : શ્રી. કે.ડી.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ, લક્ષ્મી નિવાસ, કામાલેન, ઘાટકોપર (પ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : **25100157 / 25133174**

ગત વર્ષે સંસ્થાએ, ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા ૨૨૫ વિદ્યાર્થીઓને કુલ રૂા. ૨૩,૪૭,૫૯૮/- ની ફી સહાય કરેલ છે.


**શ્રી કોઠારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ કોઠારા (કચ્છ)**

તા. અબડાસા, કોઠારા - કચ્છ, પીન કોડ-૩૭૦ ૬૪૫. ફોનઃ ૦૨૮૩૧-૨૮૦૨૩૫
મુંબઈ કાર્યાલયઃ C/o. કે.એન. અજાણી, ૧૩૭ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૦૩.

## કોઠારા તીર્થે ચાતુર્માસ આરાધના કરવા આમંત્રણ

આ વર્ષે શ્રી શાંતિનાથ દાદાની અસિમ કૃપાથી પ.પૂ. અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન આચાર્ય ભગવંત **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** ની આજ્ઞાથી **પ.પૂ. સાધ્વીશ્રી કોમલગિરાશ્રીજી મ.સા.** તથા **પ.પૂ. બાલસાધ્વી શ્રી સિધ્ધગિરાશ્રીજી મ.સા.** નું ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે. તા. ૨૭-૦૭-૨૦૧૫ના કોઠારા તીર્થે પ્રવેશ થશે.

ચાતુર્માસ દરમ્યાન પ.પૂ. સાધ્વી ભગવંતોના પ્રવેશથી કરી પર્યુષણ પર્વ પુરા થયા સુધી અથવા ચાતુર્માસ પૂર્ણ થાય ત્યાં સુધી યથાશક્તિ **તપ-આરાધના કરવાની તથા રહેવાની, જમવાની વ્યવસ્થા શ્રી કોઠારા મહાજન વતી કોઈપણ ચાર્જ લીધા વગર કરવામાં આવશે.** તો કોઠારાવાસીઓ, નિયાણી બહેનો તથા જ્ઞાતિજનોને ચાતુર્માસ આરાધના કરવા ભાવભર્યું આમંત્રણ છે.....

: વધુ વિગત માટે સંપર્ક :

**શ્રી દિનેશ લાલજી અજાણી – 98200 80061**

**શ્રી કોઠારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ કોઠારા (કચ્છ)**


### V.L.V.G. FORMS / વિદ્યાર્થીગૃહના ફોર્મ

વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ, શિક્ષણ પ્રસારક સમિતિ, ઉત્કર્ષ ટ્રસ્ટ અને કન્યા છાત્રાલયના ફોર્મ વેબસાઈટ **www.kdoedu.com** પરથી ડાઉનલોડ કરી શકાશે. ક.દ.ઓ. જ્ઞાતિના ભારતના ખુણા ખૂણાના વિદ્યાર્થીઓ આનો લાભ લઈ શકશે.


**પધારો વરાડીયા પધારો**

૧૧૨ વર્ષ પ્રાચીન વરાડીયા તીર્થમાં દાદાશ્રી ચિંતામણી પાર્શ્વનાથજી ના દર્શને પધારો. અત્રે ભોજન શાળા તથા અતિથિગૃહની સુવિધા ઉપલબ્ધ છે.

ભોજનશાળા : ૯૯૨૫૯ ૮૪૪૨૫ / ૯૫૭૪૩ ૪૩૩૧૫
અતિથિગૃહ : ૦૨૮૩૧-૨૮૨૦૩૮, ૯૪૨૮૫ ૬૭૧૦૧
પ્રતાપ પીર : ૯૮૨૦૭ ૪૩૯૯૩
નલીન ડાઘા : ૯૭૬૯૧ ૧૧૦૪૦
સંપર્ક સેતુ :

**જિનાલયની ધ્વજા પ્રસંગે પધારવા વિનંતી.**
**શ્રાવણ સુદ પાંચમ તા. ૧૯-૮-૨૦૧૫**

## વુમન-એમ્પાવરમેન્ટ : ઍક્ટ્રેસ રાજકારણી જયા પ્રદાની દૃષ્ટિએ

વુમન-એમ્પાવરમેન્ટ બાબતમાં પુરૂષોની દલીલ હોય છે. અમે નોકરીની છૂટ આપીએ છીએ, ઘરમાં નોકર રાખીએ છીએ જેથી અમારી વાઈફ કે બહેનને ઓછું કામ કરવું પડે, અને બહાર જવા-આવવાની પણ પૂરતી છૂટ આપી છે.




આ અને આ પ્રકારની છૂટછાટ એ વુમન-એમ્પાવરમેન્ટ નથી, અને નથી જ. વ ુ મ ન - એમ્પાવરમેન્ટ એટલે કે મહિલાઓને નિર્ણય લેવાની પૂરતી સ્વતંત્રતા. પછી એ નિર્ણય સાચો હોય તો અને બિરદાવવાની તકેદારી પુરૂષોએ રાખવાની અને જો એ નિર્ણયમાં ક્યાંક ચૂક રહી ગઈ હોય તો એ ચૂકને પણ ખુલ્લા મને સ્વીકારવાની જવાબદારી પુરૂષોની.

વુમન-એમ્પાવરમેન્ટ એટલે ઘરમાં મહિલા-મેમ્બરના ઓપિનિયનને પૂરતું માન આપવાની તૈયારી પણ ખરી.

દીકરી કે વહુ નવી છે એટલે એ લાગણીથી વાત માની લેવામાં આવે તો એ વુમન-એમ્પાવરમેન્ટ નથી અને મોટી ઉંમરના મધરની વાત સ્વાકારી લેવામાં આવે તો એ પણ વુમન-એમ્પાવરમેન્ટ હોય તો એનો અર્થ એવો થયો કે ઘરમાં બે વર્ષની બાળકીની જે જીદ માનવામાં આવે છે એ વુમન એમ્પાવરમેન્ટનું એક રૂપ થયું પણ એવું નથી.

વાઈફ ઘરે ન આવી હોય અને હસબન્ડ બધુ કામ કરી નાખે તો એ વુમન-એમ્પાવરમેન્ટની જ નિશાની છે અને વાઈફ થાકીને સવારે મોડી જાગે અને હસબન્ડ એનું લંચ-બૉક્સ રેડી કરી રાખે એ પણ વુમન-એમ્પાવરમેન્ટની નિશાની છે.

એજ્યુકેશન પણ બહુ જ ઈમ્પોર્ટન્ટ બનતું હોય છે અને ફેમિલીમાં વાઈફ, સિસ્ટર અને બીજી મહિલાસભ્યો સાથે ક્યા પ્રકારનું વર્તન કરવામાં આવતું હોય છે એ જોવું પણ મહત્ત્વનું બનતું હોય છે.

- ''મિડ-ડે'' માંથી સાભાર


**સરગમ વોટર પાર્ક - પ્યોર વેજ જૈન ફૂડ**
**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**

ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી - આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ.
સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com


॥ નમામિ જ્ઞાતિ મૈયૈ ॥

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન

**કાર્યાલય :** C/o. સેક્રેટરી જનરલ : ૧૯-૨૦, મોનાણી સદન, જવાહરલાલ નેહરૂ રોડ, મુલુન્ડ (પ.), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

## 'આગામી જ્ઞાતિ સમ્મેલન'

તા. ૨૬/૪/૨૦૧૫ મહાસમિતીની યોજાયેલ સભામાં નક્કી થયા મુજબ ટ્રસ્ટ બોર્ડે આ અંગે કાર્યવાહી આગળ વધારતાં પોતાની તા. ૦૭/૦૬/૨૦૧૫ની સભા માં સર્વાનુમતે ઠરાવ્યું છે કે

## ૪ થું જ્ઞાતિ સમ્મેલન

જે મોકુફ રહેલ તે હવે, આગામી ડીસેમ્બર ૨૦૧૫ના અંતમાં યોજવા તથા તેના યજમાન બનવા ઇચ્છુક મહાજનશ્રી ઓએ તા. ૩૦ જૂન ૨૦૧૫ સુધીમાં સમસ્ત મહાજનના કાર્યાલયે મળી જાય તે રીતે લેખિતમાં જાણ કરવા વિનંતી છે.

સેક્રેટરી જનરલ - **ચીમન મોતા**

## શ્રી આશાપુરા માં (ભદ્રેશ્વર) ને નમતા ક.દ.ઓ. ગોસર પરિવાર

બધા ભાઈઓને સહર્ષ જણાવવાનું કે આ વર્ષ આસો સુદ નવરાત્રી ની આઠમ તારીખ ૨૧-૧૦-૨૦૧૫ના હોવાથી બધાએ ટ્રેનની ટિકીટ આસો સુદ આઠમના ૩ દિવસ આગળ કઢાવવા વિનંતી અને પોતાના જુહાર ની યાદી શ્રી હિતેન્દ્ર ભવાનજી ગોસર ને નીચે આપેલ સરનામાં પર તા. ૩૦-૦૯-૨૦૧૫ સુધી મોકલવા વિનંતી, જેથી કરીને આગળની વ્યવસ્થા સાચવી શકાય.

**નોંધ : ટ્રેન ની ટિકીટની બુકિંગ જુન મહિના થી ચાલુ થઈ ગઈ છે જેની બધાએ ખાસ નોંધ લેવી.**

સંપર્ક :

**શ્રી હિતેન્દ્ર ભવાનજી ગોસર**

૫૦૩, ૫મો માળો, સ્નેહદીપ, ૧બી
જુની મ્હાડા કોલોની, દેવરત્ન નગર, સ્વાન મિલ રોડ,
ચુનાભટ્ટી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૨૨.


## મેનેજર જોઈએ છે

ANANT AROGYA NIDHI
DEOLALI

શ્રીમતી માલતીબેન જયંતીલાલ ભવાનજી સૅનાટોરીયમ,
લામ રોડ, ટોલ નાકા નં. ૬, દેવલાલી,
નાશીક - ૪૨૨ ૦૦૧.
Email ID : dharamshi@gmail.com

દેવલાલીના સેનેટોરીયમ સંભાળવા માટે મેનેજરની જરૂરત છે. પગાર રૂા. ૧૦,૦૦૦/-. રહેવાની સગવડ મળશે.

ઈચ્છુક વ્યક્તિએ જરૂરી અરજી સાથે નીચેના સરનામે સંપર્ક કરવો :

Contact :
પરેશભાઈ ❖ કિરણભાઈ
ક્વેસ્ટ, ૧૦૭૩, રાજાભાઊ દેસાઈ માર્ગ,
બિયૂમોન્ડે ટૉવર પાછળ, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦ ૦૨૫.
ફોન : 022 2439 4444 • ફેક્સ : 022 2439 4315


## મોટી સિંધોડી ગામે બિરાજમાન ભલારા દાદાના ભાવિકો જોગ

દર વર્ષની જેમ આ વર્ષે પણ ભલારા દાદાની ધ્વજા કારતક સુદ તેરસ કે ચૌદસ ના દિવસે તા. ૨૨/૨૩-૧૧-૨૦૧૫ના રોજ છે. છેલ્લા કેટલાક વર્ષોથી ભલારા દાદાના કોઈ ભુવા નથી. બે વર્ષ પહેલા ઘણા ભાવિકો, સ્થાને ગયા હતા અને દાદાના ભુવા કરવા યોગ્ય કાર્યક્રમ રાખેલ, પરંતુ યોગ ન હોવાથી ત્યારે ભુવા ન થઈ શક્યા. આ વર્ષે તા. ૨૨, ૨૩, ૨૪, ૨૫ નવેમ્બર ૨૦૧૫ ના રોજ દાદાના સ્થાને હુકુમ હોવાથી ભુવા બનાવવાનું કાર્યક્રમ સ્થાનિકે રાખેલ છે.

સ્થાને નમતા ભલારા દાદાના સર્વે ભાવિકોને નમ્ર નિવેદન કરવામાં આવે છે કે જેમને ત્યાં આવવું હોયે તેમને પોતાની ટિકિટ અથવા પોતાના વાહનમાં તા. ૨૨ ના સવાર સુધી ત્યાં પહોંચવા નમ્ર વિનંતી.

આપ પધારો છો તેમની જાણ કરવા ખાસ વિનંતી જેથી ત્યાં આપની વ્યવસ્થા સચવાઈ શકે.

**વધુ વિગત માટે સંપર્ક :**

**શ્રી ચિમનભાઈ લધુભાઈ લોડાયા - ૦૯૮૬૭૨૮૫૧૯૫**
**શ્રી ભરતભાઈ ભવાનજી લોડાયા - ૦૯૮૨૦૭૫૦૪૦૮**
**શ્રી દિનેશભાઈ રતનશી મૈશેરી - ૦૯૨૨૧૦૪૭૨૪૬**
**શ્રી તિલકભાઈ પ્રેમજી લોડાયા - ૦૯૯૩૦૯૮૨૦૬૧**

## કે.ડી.ઓ. ક્લાસિક કચ્છી નવવર્ષ કાર્યક્રમ

કે.ડી.ઓ. ક્લાસિક કચ્છી નવ વર્ષ અષાઢી બીજને આવકારવા રવિવાર, તા. ૨૧/૦૬/૨૦૧૫ના ઘાટકોપર (પૂર્વ), વિદ્યાવિહાર ખાતેની સોમૈયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટના ૪થા માળે આવેલા નાલંદા સભાગૃહમાં ચેતન ગઢવી અને સાથીઓનો કચ્છી અને ગુજરાતી ગીતોનો રંગ કસુંબલ ડાયરો યોજ્યો છે.

## 卐 નલિયા-લોડાયા ફળિયા-શ્રી સચ્ચાઈમા 卐 નું સ્થાન ફેર કરણ વિધી

**શ્રી સચ્ચાઈના શ્રી સ્થાન ફેરની વિધી તા. ૧૮/૦૭/૨૦૧૫, અષાઢી બીજ ને શનિવારે નલિયા મધે રાખેલ છે.**

તો સર્વ ભાવિકોએ પધારવા વિનંતી.

સંપર્ક :

**ભૂઈમાં જ્યોત્સનાબેન : 08192231283**

## ચર્ચાપત્ર

આપણી જ્ઞાતિનું કચ્છ રાણપુર તીર્થ લાલા-જખૌની બાજુમાં છે. જેમાં મહાવીર સ્વામી ભગવાન ૧૨૫ વરસથી બીરાજમાન છે, છેલ્લા ૬૦-૬૫ વરસથી એ જિનાલય સિવાય કોઈપણ માનવ વસતી નથી. વરસોથી લાલાથી પૂજારી જઈ પૂજા, આરતી, દીવો કરી આવે છે. તીર્થનું વાતાવરણ શાંત અને નિર્મળ છે. દરિયા બાજુમાં હોઈ કોઈ પણ હિલ સ્ટેશનને ટપી જાય, તેવી હવા ખાવાની મોજ પડી જાય. છેલ્લા ઘણા વરસોથી શ્રી અનંતનાથ ટ્રસ્ટ પૂજારીનો પગાર આપે છે. વરસોથી લાલામાં રહેતા રાણપુરવાસી અને લાલા મહાજનશ્રી દેખરેખ રાખે છે. વરસ ગાંઠે લાલા જખૌના જ્ઞાતિજનો ધજા ચડાવે છે. પૂરાતન તીર્થ હોઈ લાલા આવતા કોઈ પણ ગચ્છ પંથના સાધુ, સાધ્વીજી, ભગવંતો દર્શન કરવા પધારે છે.

તીર્થ જીર્ણ હોઈ ત્યાં બેસવા ઉતરવા કોઈ પણ ઉચિત વ્યવસ્થા રહી નથી. ઉદારદિલ જ્ઞાતિજનોને જણાવવાનું કે ત્યાંના રૂમ ઉપાશ્રયનો જિર્ણોધ્ધાર કરાવવા લગભગ દોઢેક લાખનો ખરચ છે. આ તીરથમાં આ લાભ લેવા જેવો છે. નવો કરાવવા કરતા જે છે તે ઠીક થઈ જાય તો આપની ધર્મ લક્ષ્મી તીર્થ લક્ષ્મી થઈ જશે. આ અમુલ્ય લાભ લેવા ભલામણ. તીર્થ રક્ષા કરવી પરમ ધરમ છે. વધુ જાણકારી માટે લાલામાં રહેતા શ્રી રાજેન્દ્ર હીરાચંદ મોમાયાનો સંપર્ક કરવો. મો.: **09879715866**. આપ ઈચ્છો તો જાતે આવી, જોઈ, તપાસી ઉચિત કાર્યવાહી કરી શકો. લાભ લેવા જેવો છે.

– લહેરચંદ મૈશેરી – મો.: 07146465151

## ઝુકી તો જવાય ને ?

મારા ગામ લાલામાં ગયા વરસે મુસલીમ બીરાદરોએ ૨૨ અને અને આ વરસે ૪૫ સમુહ લગ્ન યોજી, સામાજીક સેવાનો ઉત્તમ દાખલો બેસાડયો જેમાં ૫૦૦ થી વધુ હિન્દુઓને પણ આમંત્રીત કરાય છે. તેઓ માટે રસોડાની અલગ વ્યવસ્થા રાજેન્દ્ર મોમાયા સંભાળે છે.

ભર ઉનાળે અસહ્ય ગરમીમાં ભોજન સાથે શ્રેષ્ઠ કક્ષાની છાશ હોય તો ? આ વિચારે સંચાલકોએ રાપરગઢવારી પાંજરા પોળના સંચાલક શ્રી કલ્પેશ મોતા નો સંપર્ક સાધી દૂધ- છાશ આપવા દરખાસ્ત રાખી. સામે આવેલી આવી તક થોડી છોડાય ? નાત સંસ્કારોનું સંરક્ષણ અને સંસ્કરણ કરતા કલ્પેશ ભાઈએ કહ્યું. મારાથી આવા જન હિત કાર્યે કંઈ દૂધ, છાશના રૂપીયા થોડા લેવાય! ચાલો. મારા તરફથી હા. પણ એક શરત રાખો તો અગિયાર હજાર જાનૈયા ઓ માટે દૂધ, છાશ મારા પણ આપની જમાતમાં ફક્ત શાકાહારી ભોજન રંધાય તો ! આપના ૪૫-૪૫ નવદંપતીઓને અલ્લાહ અંતરથી આશીર્વાદ દેશે. અજમાવી તો જુઓ. જૈનોના આચાર-વિચાર અને સબંધોથી સંઘાયેલ મુસલીમ બાંધવોએ સમુહ લગ્ને કલ્પેશભાઈની શરત માન્ય રાખી, શાકાહારી ભોજન રાંધ્યું, જીવ હિંસા અટકી. સંસ્કૃતિનું જતન થયું અને સૌ એ ટેસથી ઠંડી મીઠી છાસને ન્યાય આપ્યો. આવી ઘટનાએ ઝુકી તો જવાય ને ?

– લહેરચંદ વેલજી મૈશેરી, ભાંડુપ


।। શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજીને નમઃ ।।　　।। શ્રી શામળીયા પાર્શ્વનાથજી ને નમઃ ।।

## શ્રી તેરા-કચ્છ તીર્થે ભવ્ય ચાતુર્માસ તથા પર્યુષણ પર્વ આરાધના માટે પધારવા ભાવભર્યું આમંત્રણ

**શ્રી તેરા, કુવાપધ્ધર, લાખણીયા તથા ધ્રુફી ગામના સહુ જૈન ભાઈઓ બહેનો જોગ,**

સહર્ષ જણાવતાં અતિ આનંદ અનુભવીએ છીએ કે શ્રી જીરાવલ્લા તથા શ્રી શામળીયા પાર્શ્વપ્રભુજીની અસીમ કૃપાથી અને આપણાં સંઘના પૂણ્યોદયે ચાલુ સાલે સંવત : ૨૦૭૧ નાં તેરા તીર્થમધ્યે ચાતુર્માસની આરાધના કરાવવા માટે આપણી વિનંતીને માન આપીને અચલગચ્છાધિપતિ **પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** ના આદેશથી આધ્યાત્મ વિદુષી **પ.પૂ. સાધ્વીશ્રી ગુણોદયશ્રીજી મ.સા.** ના પ્રશિષ્યા તથા **પ.પૂ. સાધ્વીશ્રી ભુવનશ્રીજી મ.સા.** ના શિષ્યા, નવકાર મંત્ર આરાધક એવમ પ્રશાંતમૂર્તિ **પ.પૂ. સાધ્વીશ્રી વીરગુણાશ્રીજી મ.સા.** તથા **પ.પૂ. સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.** ઠાણા-૨ ચાતુર્માસ માટે પધારશે. પૂજ્યશ્રીના પ્રવેશ નો **મંગલ દિવસ : દ્વિતિય અષાઢ સુદ બીજ શુક્રવાર, તા. ૧૭/૦૭/૨૦૧૫ ના સવારના** નક્કી થયેલ છે.

બાદ પર્વાધિરાજ પર્યુષણ પર્વ સંવત : ૨૦૭૧ નાં **શ્રાવણ વદ - ૧૩ (તેરસ) તા. ૧૧/૦૯/૨૦૧૫ને શુક્રવારના** પ્રારંભ થશે (સમાપન ભાદરવા સુદ-૬ ને શનિવાર, તા. ૧૯/૯/૨૦૧૫). ચાતુર્માસ તથા મહા મંગલકારી પર્યુષણ પર્વની આરાધના કરવા માટે તેરા, કુવાપધ્ધર, લાખણીયા અને ધ્રુફી ગામોના સર્વે જૈન ભાઈ-બહેનોને તથા ચારેય ગામની નીયાણી બહેનોને સહકુટુંબ તેરા પધારવા સ્નેહભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ. સંપૂર્ણ પર્વ દરમ્યાન રહેવા તથા ભોજનની વ્યવસ્થા મહાજનના રસોડે રહેશે. આપ સહુને ખાસ જરૂરથી પધારવા નમ્ર વિનંતી. આપના આગમનની અગાઉથી જાણ કરશો જેથી જરૂરી વ્યવસ્થા થઈ શકે.

એજ લી. **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - તેરા**

**તેરા-કચ્છ, તા. અબડાસા, પીન - ૩૭૦ ૬૬૦. ફોન : (02831) 289223, 289224**

આપેલ સંસ્થાઓ દ્વારા તા. ૩૦-૫-૨૦૧૫ ના રોજ કેન્દ્રિય બાલ કલ્યાણ અને સ્ત્રી વિકાસના મંત્રી શ્રીમતી મેનકા ગાંધીની અધ્યક્ષતામાં સ્ટેટસ બેન્કવેટ હોલ, નરીમાન પોઈન્ટ ખાતે એક અગત્યનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘના શ્રી કેસરીચંદભાઈ મહેતા, ગુજરાત ગોસેવા આયોગના ચેરમેન અને પૂર્વ સાંસદ શ્રી વલ્લભભાઈ કથિરિયા, અમદાવાદના જીવદયાના ખ્યાતનામ એડ્વોકેટ્સ શ્રી નીમેષભાઈ કાપડિયા, વિધિ પરિવારના શ્રી હિતેશભાઈ મોતા, જૈન સંઘના મોભી નગરશેઠ શ્રી અનુભાઈ ગિરધરલાલ જીવણલાલ, શ્રી પરેશભાઈ નંદપ્રભા, શ્રી કચવનભાઈ સંઘવી, જલક્રાંતિ ટ્રસ્ટના શ્રી મનસુખભાઈ સુવાગિયા તેમજ સર્વોચ્ચ અદાલતના વકીલ શ્રી મનીષભાઈ સંઘવી, ઈન્ફોરમેશન અને ટેકનોલોજી મિનિસ્ટર શ્રી રવિશંકર પ્રસાદના ચિ. એડવોકેટ શ્રી આદિત્ય પ્રસાદ અને શ્રી મહેશભાઈ ગાંધી, એડવોકેટ શ્રી પ્રફુલભાઈ શાહ, એડ. શ્રી સુભાષ ઝા વગેરે અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા.

ઉપરોક્ત સંમેલનમાં સ્વાગત ગીત અને દીપ પ્રજવલન પછી શ્રીમતી મેનકા ગાંધીએ અત્યંત ભાવવાહી રીતે હાજર રહેલા પ્રત્યેક શ્રોતાઓને પોતાના ધારદાર પ્રવચન દ્વારા પ્રભાવિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે એનિમલ વેલ્ફેરનું કામ કરતા લોકોએ પિપલ ફોર એનિમલ્સની સંસ્થા સાથે જોડાઈ જવું જોઈએ અને મેમ્બરશીપને મોટા ફલક પર લઈ જવી જોઈએ. તેમણે પશુઓના છાણમાંથી લાકડા બનાવવાની જે મશીન છે તે દરેક સ્મશાનમાં લગાવવાનો અનુરોધ કર્યો હતો. જેથી તેમાંથી બનતા લાકડા સ્મશાનમાં વપરાય તો તેનાથી પર્યાવરણની પણ શુદ્ધિ થાય અને જંગલમાં લાકડા કપાવવાનું ઓછું થાય તો જંગલો પણ બચે. છાણની આ પ્રમાણે ઉપયોગીતા વધવાથી પશુના છાણમાંથી જ આવકને આધારે પશુઓને કતલખાને મોકલવાનું બંધ થાય.

ફિનાઈલને બદલે ગૌમૂત્રમાંથી બનતા ગોનાઈલ વાપરવાનો પણ તેમણે અનુરોધ કર્યો હતો અને છાણના પ્રેસ કરેલા નાની થેપલીઓ પર કપુર મુકીને ઘરમાં થે ધુમાડો ફેરવી દેવાથી હાલ આરોગ્યને નુકસાન કરતી કોઈલ વગેરે વાપરવાની જરૂર નહીં રહે. જે કોઈલ માત્ર મચ્છરોને જ નહીં પરંતુ લાંબેગાળે માણસોને પણ બીમાર પાડીને મારવાનું કામ કરે છે. પશુરક્ષાને લગતા કાર્યો કરવા માટે મંત્રાલયના પ્રધાનો સાથે સતત પત્રો દ્વારા અને લોબીઈંગ કરવા દ્વારા કાર્ય કરવા માટેનું તેઓએ સૂચન કર્યું હતું.

શ્રી મનીષભાઈ સંઘવીએ બંધારણમાં જીવરક્ષા વિષે કઈ કલમો છે તેનું વિષદ્ વર્ણન કર્યું હતું અને શ્રી નિમીષભાઈ કાપડિયાએ મહત્ત્વના કેઈસ લોઝની ચર્ચા કરીને ૧૫૦૦૦ જેટલી આરટીઆઈ દ્વારા સરકારને કેવી રીતે ભીંસમાં લઈ શકાય છે તેનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયું હતું. એડવોકેટરી સુભાષ ઝાએ મહાભારત અને રામાયણના પ્રસંગો ટાંકીને પશુરક્ષાની આ અત્યંત મહત્ત્વની મિટીંગમાં સમગ્ર એડવોકેટ્સ આ કોઝમાં ખડેપગે સાથે ઉભા રહેશે તેવું વચન આપ્યું હતું. ગુજરાત ગોસેવા આયોગના શ્રી વલ્લભભાઈ કથિરિયાએ શ્રી વર્ધમાન પરિવારનો આભાર માન્યો હતો અને બાંગ્લાદેશમાં થતી પ્રતિદિન ૨૭૦૦૦ ગાયોની ગેરકાયદેસર નિકાસ અંગેના રિસર્ચ રિપોર્ટ પ્લન્ડર ઓફ ઈન્ડિયાની અનુમોદના કરી હતી અને તેના આધારે તેમણે દિલ્હીમાં એક ઉચ્ચસ્તરીય મિટીંગ બોલાવીને હોમ મિનિસ્ટ્રી, ડિફેન્સ મિનિસ્ટ્રી અને બી.એસ.એફ. ના અને અન્ય ખાતાના ૩૦ જેટલા ઉચ્ચ અધિકારીઓ સાથે મિટીંગ કરીને એક હાઈ પાવર્ડ કમિટીની રચના કરી હતી. જેમાં આ ગેરકાયદેસર નિકાસને રોકવા સ્પેશ્યલ સ્કવોડ બનાવીને સરકાર આ બાબત ગંભીરતાની કૃતનિશ્ચયી છે તેની વિગતવાર માહિતી આપી હતી. અને ગુજરાત સરકાર પણ પશુરક્ષા માટે અલગ ફંડ ફાળવીને મૂળથી જ પશુની રક્ષા કેવી રીતે થઈ શકે તેના આયોજનો વિષે માહિતી આપી હતી. અને શ્રી વર્ધમાન પરિવારને તેમ જ અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓને આ કાર્યમાં જોડાવા આહ્વાન આપ્યું હતું.






**શ્રી અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘ,**
**શ્રી વર્ધમાન પરીવાર તથા શ્રી વિધિ પરીવાર**
**દ્વારા**
**શ્રીમતી મેનકા ગાંધી ની હાજરીમાં અને**
**અનેક વિદ્વાન એડ્વોકેટ્સ તથા અહિંસા પ્રેમીઓ દ્વારા**




આઈ.ટી. મિનિસ્ટર શ્રી રવિપ્રસાદના શ્રી આદિત્યશંકર પ્રસાદે પોતાના પ્રવચનમાં ભાવવાહી રીતે પશુરક્ષાના કાર્યોમાં પોતાને બોલાવવામાં આવ્યા તેની અનુમોદના કરી હતી અને દિલ્હીની ઓફિસ હંમેશ માટે આ કાર્ય માટે ખુલ્લી છે તેવી ભાવના વ્યકત કરી હતી. જલક્રાંતિ ટ્રસ્ટના શ્રી મનસુખભાઈએ ૩૦૦ જેટલા ગામોમાં ૩૦૦૦ જેટલા ચેકડેમો બનાવીને ૨૦૦૦ ફૂટ ઉંડે ગયેલા પાણીના તળને ૫૦ ફૂટ સુધી લાવીને એક ક્રાંતિ કરી હતી અને માત્ર રૂા. દસ લાખના ખર્ચમાં જુનાગઢની બાજુમાં આવેલા જામકા ગામને દર વર્ષે દસ કરોડનો ફાયદો થાય તેનું ઈકોનોમિકસ સમજાવ્યું હતું. આ વિસ્તારમાં સમગ્ર પ્રદેશમાં ગૌ આધારિત કૃષિ દ્વારા હરિયાળી ક્રાંતિ લાવવાની તેમની પહેલને સમગ્ર સભાજનોએ વધાવી લીધી હતી. હાલ ગિરની મૂળ બે લાખ જેટલી ગાયોને તેઓએ ગામડે ગામડે ખેડૂતોને માલધારીઓ પાસેથી લાવીને ઘરે બંધાવી છે અને પશુ આધારિત કેમિકલ ફર્ટીલાઈઝર વગર છાણ અને મૂત્રથી કઈ રીતે ખેતી થઈ શકે તેનો સુંદર ચિતાર આપ્યો હતો.

શ્રી વર્ધમાન પરિવારની સમગ્ર ટીમે સખત જહેમત ઉઠાવીને બાંગ્લાદેશમાં થતી પ્રતિદિન ૨૭૦૦૦ ગાયોની ગેરકાયદેસર સર્વોચ્ચ અદાલતમાં દાખલ કરેલી રિટ પિટીશનની માહિતી આપી હતી અને સર્વોચ્ચ અદાલતે આ પિટીશન એડમિટ કરીને ૧૪ રાજયોની ૩૨ એજન્સીઝને નોટિસ આપી છે અને જુલાઈના બીજા અઠવાડિયામાં જવાબ આપવાનું કહ્યું છે તેની વિગતવાર માહિતી આપી હતી. અને કચ્છના અબડાસા તાલુકામાં ચિયાસર, ખારુઆ, ભવાનીપર, બોહા, દભાણ, સરગુઆરા, કાલરવાંઢ, દાહા, મોથાડા, ઓણગિઆ (રામપર - રોહા), મોસુણા, સણોસરા, અકરીમોતી, બાલાચોક અને મોખા એમ કુલ ૧૧૦૦૦ જેટલા પશુઓને હાલ રોજ લગભગ ૨ લાખ રૂપિયાનો ઘાસચારો આપવામાં આવી રહ્યો છે અને હજુ લગભગ અઢી મહિના સુધી આ કેટલ કેમ્પો ચાલશે તેની માહિતી આપી હતી. સરકાર તરફથી ૨૫ રૂપિયા પ્રતિ પશુ સબસિડિ મળતી હોવ છતાં એક પશુને લગભગ ૫૦ રૂપિયાનો ઘાસચારો નિરણ કરવો પડતો હોવાથી રોજની ૪૦-૫૦ ટ્રક ભરીને ઘાસ લીલુ અને સૂકુ નિરણ કરવામાં આવી રહ્યું છે તેની માહિતી આપી હતી અને દાનવીરોને માલધારીઓના પશુઓને સાચવાના આ યજ્ઞમાં સામેલ થવા પ્રેરણા કરવામાં આવી હતી.

**અબડાસા ગૌશાળા ટ્રસ્ટ - કચ્છ રાપારગઢવારી વતી શ્રી હિતેષભાઈ મોતા એ શ્રીમતી મેનકા ગાંધીને ગૌશાળા વતી ચાલતા નીરણ કેન્દ્રોની માહિતી આપી હતી, લગભગ ૧૦,૦૦૦ ઉપરાંત ગાયોની માવજત કઈ રીતે છે તેની સંપૂર્ણ વિગતોની ચર્ચા કરી હતી તથા ગૌશાળામાં ચાલતી પ્રવૃત્તીઓથી પણ માહિતગાર કરેલ. એની સાથે સાથે ટ્રસ્ટ વતી શ્રી વસંતભાઈ શાહ પણ હાજર રહેલ હતા.**

અંતમા ચંદનબાળા જૈન સંઘના મુખ્ય વહીવટદાર સુશ્રાવિકા શ્રીમતી પ્રેમીલાબેન તેમજ શ્રીમતી નિષાબેન મોતાએ મેનકા ગાંધીનું અભિવાદન કર્યું હતું. અને પધારેલા પ્રત્યેક સભાજનોએ પોતાના જીવનવ્યવહારમાં અલ્પહિંસક એવી ગૌ આધારિત પ્રોડકટ્સનો ઉપયોગ કરવાના સંકલ્પ સાથે રજા લીધી હતી. લગભગ ૧૫ જેટલા અન્ય એડવોકેટસના પણ ગૌસંવર્ધનના ડૉ. વિનોદ કોઠારી વરદ્ હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.



## પાસ થયા અભિનંદન

વધુ ફોટા આવતા અંકે



**નીરાલી નીતીન શામજી ધુલ્લા**
બાંઢીયા - વડોદરા
H.S.C. માં **94.85%**



**મનન સંજયભાઈ મોમાયા**
જખૌ - વડોદરા
H.S.C. માં **91.07%**



**ઉદય ચંદ્રેશ છેડા**
સુથરી - વડોદરા
H.S.C. માં **98.62%**



**જિત ચંદ્રેશ શાહ (નાગડા)**
નલીયા - વડોદરા H.S.C. માં
**99.28%** PR (88%)



**જય ચંદ્રેશ શાહ**
નલીયા - વડોદરા H.S.C. માં
**99.87%** PR (92%)



**ગૌરવ-હેમાલી હિરેન શિયાળ**
જાબવા
H.S.C. માં **69.38%**



**આસ્થા અશોક મોમાયા**
જખૌ - નલીયા
H.S.C. માં **74.57%** PR



**શીતલ કેતન મોમાયા**
મોટી સિંધોડી - મુર્તીજાપુર
H.S.C. માં **72%**



**કિંજલ અજય ખોના**
રંગપુર - માલાડ
H.S.C. માં **77.54%**



**ધર્મેશ હરીશ મોમાયા**
મોટી સિંધોડી - ઘાટકોપર
S.S.C. માં **75.4%**



**કિંજલ ચેતન નાગડા**
તીરપુર - પરજાઉ
S.S.C. માં **89%**



**દિક્ષા પ્રિયકાંત દંડ**
સાંઘવ - ડોમ્બીવલી
S.S.C. માં **86%**



**ક્રીના સંજય નાગડા**
રાપરગઢવારી - ડોંબીવલી
S.S.C. માં **92%**

**પાસ થયાના સમાચાર મોકલો : પરિણામો મોકલો.**
**પિતા સાથે માતાનું નામ પણ મોકલો.**

શાળાંત, યુનિવર્સીટી, સ્નાતક ઈત્યાદિ પરીક્ષાઓમાં ઉતીર્ણ થયેલા જ્ઞાતિ વિદ્યાર્થીઓને પોતાના ફોટા, પરિણામ, વિશિષ્ટ ઉપલબ્ધિ (વિષય, બોર્ડ, શાળામાં રેંક વિગેરે) માહિતી મોકલવા અનુરોધ છે. ફોટોના કોઈ ચાર્જીસ નથી. કચ્છના મુળ ગામ તથા હાલના વસવાટની વિગતપણ માતા-પિતાના નામ સાથે મોકલશો જેથી લોકો બરાબરથી ઓળખી શકે.

**સૌરભ ચંદ્રકાંત ખોના** H.S.C. માં **81%**
**તોરલ લલીત ખોના** H.S.C. માં **77%**
**કુણાલ સંજય ખોના** H.S.C. માં **69%**


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


### સુથરી ગામમાં શૌચાલય બાંધાવવા મદદ

સુથરી ગામમાં હાલે રહેતા અને તેમના ઘરમાં કોઈ કમાવનાર નથી એવા પાંચ જ્ઞાતિજનો જો શૌચાલય બાંધાવવા ઈચ્છતા હોય તો શ્રી શામજી પદમશી છેડા તરફથી પ્રત્યેકને રૂા. ૧૫૦૦/- (રૂા. પંદરસો) ની આર્થિક મદદ આપવામાં આવશે. મદદ બાંધકામ શરૂ થયા પછી જ આપવામાં આવશે. અમુક ખાસ કિસ્સામાં રકમ થોડી વધારી આપવામાં આવશે.

વૃદ્ધાશ્રમની સ્થાપના માટે મારું (સુથરીનું) મકાન દાનમાં આપવાની ઑફર આવતા પર્યુષણ ખુલ્લી છે. સેવાભાવી સંસ્થાઓને સંપર્ક સાધવા વિનંતી.

શામજી પદમશી છેડા - **08108667022** (ગાંધીધામ)

## ધર્મ પ્રકાશ : વંદનીય સ્ત્રી રત્ન

✤ **બ્રાહ્મી** : ભરત ચક્રવર્તીના બેન, બાહુબલીના અહંને ઓગાળવા નિમિત્ત થનારી નારી.

✤ **ચંદનબાળા** : જીવનની વિકટ પરિસ્થિતિમાં પણ દુઃખને સુખમાં ફેરવી દીધું.

✤ **રાજામતિ** : નેમિકુમાર સાથે ભવભવના સંબંધને સાચવનાર, રહનેમિ ભાવના શુદ્ધ કરનાર બાલ બ્રહ્મચારી સાધ્વીજી

✤ **મૃગાવતી** : રાજાની પત્ની, ચંદનબાળાજીની શિષ્યા, આલોચના લઈ મિચ્છામિ દુક્કડં આપતા કેવળી થયા.

✤ **સુલસા** : ભગવાન મહાવીરની પરમ શ્રાવિકા, ૩૨ પુત્રોનું એક સાથે અવસાન થયું. છતાં પોતે આર્તધ્યાન ન કર્યું. પતિ નાગ સારથીને પણ ના કરવા દીધું.

✤ **નંદા** : મહારાજા શ્રેણિકના રાણી, બુદ્ધિમાન અભયકુમારની માતા

✤ **સીતા** : સંકટને હસતે મુખે સત્કારનાર, શીલવ્રતને અખંડ રાખવા બળવાન રાવણને વશ ન થનાર, મોક્ષગામી રામચન્દ્રજીના આદર્શ પત્ની

✤ **સુભદ્રા** : સતીપણું સત્ય કરવા કુવામાંથી ચારણી દ્વારા પાણી કાઢી બ્રહ્મચર્ય વ્રતનો મહિમા વધારનાર

✤ **સુંદરી** : સંયમ પ્રાપ્તિ માટે કાયાની માયાને ઢીલી કરનાર, ૬૦ હજાર વર્ષ સુધી આયંબિલ તપ કરનાર ઉગ્ર તપસ્વી ભરતચક્રીનું સ્ત્રી રત્ન

✤ **મદનરેખા** : યુગબાહુના મૃત્યુને સુધારનાર તથા જેઠ-મણિરથની દુષ્ટ ભાવનાને વશ ન થનારી પવિત્ર નારી.

✤ **ભદ્રા** : ગોભદ્ર શેઠની પત્ની. સુખ સંપત્તિને સૌભાગ્યમાં આળોટનાર પુણ્યશાળી શીલભદ્રની આદર્શ માતા.

✤ **અંજનાસુંદરી** : ૨૨ વર્ષ સુધીના વિયોગને પણ નિર્મળ - નિષ્કલંક ભાવે સુરક્ષિત રાખનાર પવનંજયની પત્ની, હનુમાનની માતા.

✤ **રેવતી શ્રાવિકા** : પ્રભુ વીરની પરમ શ્રાવિકા, ભાવિમાં તીર્થંકર પદ પ્રાપ્ત કરનાર આદર્શ નારી.

✤ **મનોરમા** : સુદર્શન શેઠની ધર્મી, પતિવ્રતા સ્ત્રી

✤ **દમયંતી** : નળરાજાની પત્ની, ભીમની પુત્રી

✤ **પુષ્પચૂલા** : અગ્નિકા પુત્ર આચાર્યની શિષ્યા વૈયાવચ્ચના રસિક, કેવળજ્ઞાનને પ્રાપ્ત કરેલ આત્મા.

✤ **યક્ષા** : યક્ષા આદિ સાત બેનો તીવ્ર સ્મરણ શક્તિ ધરાવનાર સ્થુલભદ્રની સાત બહેનો, જ્ઞાનની અપૂર્વ આરાધના કરનાર.

✤ **કલાવતી** : શંખરાજાની પવિત્ર નારી, હાથ કપાઈ જવા છતાં શીલના પ્રભાવે ફરી જોડાયા.

✤ **મરૂદેવામાતા** : સરળ સ્વભાવી યુગલિક જીવ, ભગવાન ઋષભદેવની માતા.

✤ **મયણા સુંદરી** : નવપદનું ત્રિકરણયોગે આરાધના કરનાર ઉબરરાણા (શ્રીપાલ)નો જન્મ સુધારનાર.

-'કલ્યાણ'માંથી સાભાર


UPTO 35% OFF

Lagna Deep Sarees

Since 1984....



લગ્ન દીપમાં સાડીઓનું સેલ ચાલુ છે.....

SALE

SALE FROM 20th JUNE TO 10th JULY, 2015

Designer Bridal Sarees • Heavy Upada Sarees
Traditional & Fancy Patola • Bandhani • Gharchola Panetar
All type of Exclusive Sarees and also Dress, Lehenga Cholis

SPECIALIST IN REAL ZARI EMBROIDERY

Shop No. B-13, Jalaram Ashish Bldg., Devidayal Road, Opp. Raj Hospital, Mulund (West), Mumbai-400 080. Mob. : 7666688881, Shop : 022-25680807

During Sale period Shop will opened for all Days.

## મહારાષ્ટ્ર રાજ્ય ઉચ્ચ શિક્ષણ માટેની જૈન માયનેરીટી સ્કોલપશીપ

મહારાષ્ટ્ર સરકાર શરતોને આધિન જૈન માયનોરીટીના વાર્ષિક ૨.૫ લાખ સુધીની આવક ધરાવનાર પરિવારના ૪૯ વિદ્યાર્થીઓ અને ૨૧ વિદ્યાર્થીઓની મળીને મેડિકલ અભ્યાસ માટે ૭૦ તેમજ ટેકનિકલ અને બીજા કોર્સો માટે ૪૯૦ વિદ્યાર્થીઓને અને ૨૧૦ વિદ્યાર્થીનીઓને સ્કોલરશીપ આપશે વધુ માહિતી માટે ડાયરેક્ટરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશનની વેબસાઈટ www.dtemaharashtra.gov.in/schol અને www.momascholarship.gov.in કે હેલ્પલાઈન નં. (022) 2261 7969 પર ફોન કરવો.

## ગામના બધા શ્રદ્ધા સ્થાનોથી સહિયારી આરાધના

આમતો આપણે જ નહીં બધા ભારતીયો હૃદયપૂર્વક શ્રદ્ધાળુ હોય છે પણ માનવીય મર્યાદાને કારણે અમુક વસ્તુ કરી શકતા નથી. જો કોઈ પૂર્ણપણે શ્રદ્ધાળુ હોય તો તેને ગામમાં આવેલા શ્રદ્ધાસ્થાનોને ભજવા કમ સે કમ વર્ષમાં ત્રણેક વખત વતન જવું પડે. આજે એકંદર સ્થિતિ એવી છે કે ૧૦ માંથી ૧ જણા માટે જ આ શક્ય છે. જો ગામના બધા શ્રદ્ધા સ્થાનોની આરાધના માટે એક જ દિવસ અનુકુળતા પ્રમાણેનો નક્કી કરવામાં આવે તો મોટાઓનો જ નહીં યુવા પેઢીનો પણ ગામ સાથે તો સંપર્ક જળવાઈ રહેશે અને સ્થાનિકે પણ વ્યવસ્થા કરવાનું સહેલું બનશે.

– મુકેશ ભવાનજી લોડાયા – મોટી સિંધોડી-ડોંબીવલી


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, અરોમા હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25576



**રૂમ ભાડે થી આપવાનો**

ભાંડુપ તથા બદલાપૂરમાં રૂ. ૫૦,૦૦૦/- ડીપોઝીટ તથા રીઝનેબલ રેન્ટ થી રૂમ ભાડેથી આપવાનો છે.

સંપર્ક : ફાલ્ગુનભાઈ – ૦૯૮૨૦૬૨૦૪૯૯



શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies



શુભેચ્છાસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709


## જાહેરાતકારોને સહકાર આપવા વિનંતી.

પ્રકાશ સમીક્ષાના ચાલુ અંક માટેની મેટર અને જાહેરાતો આમ તો બુધવાર સુધી મળી જાય તેમ મોકલવાની હોય છે. અલબત, પાર્ટી જો પોતે જાહેરાત બનાવરાવીને મોકલવાની હોય તો તે એકાદ દિવસ મોડેથી મોકલે તો પણ ચાલે, જો કે તે માટે આગાઉ થી જાણ કરીને જગ્યા બુક કરી લેવાનું જરૂરી છે.

કેટલીક પાર્ટીઓ અમે જાહેરાત બનાવીને તેમની બતાવીએ એવો આગ્રહ રાખતી હોય છે, તેમની જણાવવાનું કે અમારે માટે આ શક્ય નથી એટલે તેમને જાતેજ બનાવીને મોકલવી.

**પ્રકાશ–સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક–વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

વિશેષમાં નોંધ લેવા વિનંતી કે ઉક્ત દરો સર્વે માટે, મહાજન કે સંસ્થાઓ સહિત સમાન રહેશે. ફક્ત નીચેના સંજોગોમાં ડિસ્કાઉન્ટ અપાશે : ઓછામા ઓછા પા પાનની ૧) દશ જાહેરાત આપનારને ૧૦% ડિસ્કાઉંટ, ૨) પચ્ચીસ જાહેરાત આપનારને ૧૫% ડિસ્કાઉંટ, ૩) બધા અંકોમાં જાહેરાત આપનારને ૨૦% ડિસ્કાઉંટ. આ ડિસ્કાઉંટનો લાભ મેળવા ઈચ્છુકોએ જાહેરાતની સંપૂર્ણ રકમ અગોતરી (એડવાન્સ) ચૂકવવાની રહેશે.

આ ઉપરાંત લવાજમમાં પણ પ્રેસ રજીસ્ટ્રારના દફ્તરે યોગ્ય વિધિ કર્યા પશ્ચાત વધારો થશે જે વાર્ષિક રૂા. ૨૦૦/- થશે.

જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

**રચના મહિલા મંડળ : રજત જયંતી વર્ષનો સમારોહ...**

શ્રી રચના મહિલા મંડળના રજત જયંતી વર્ષની ઉજવણીનું તા. ૬-૬-૨૦૧૫ શનિવારના એ.સી. હૉલ, અનંતસિદ્ધિ કોમ્પલેક્સ, ભાંડુપ મધ્યે શ્રીમતી ધનબાઈ લખમશી મોતાના અધ્યક્ષપદે યોજાયેલ.

કાર્યક્રમની શરૂઆત 'શ્રી જીરાવલા પાર્શ્વનાથ અનુષ્ઠાન' પૂજનથી થઈ. સમારોહના અતિથિ વિશેષ શ્રી ક.દ.ઓ. મહાજન મુંબઈના પ્રમુખ, શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રીયુત શ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા (રાપરગઢ), શ્રી પારસભાઈ પદમશી મૈશેરી, શ્રી ભૂપેન્દ્રભાઈ મુરજી દંડ, શ્રી વીરચંદભાઈ, શ્રી સોમચંદભાઈના હસ્તે દીપ પ્રાગટ્ય થયું.

વર્તમાન પ્રમુખ શ્રીમતી અનિતા ધરમશીએ સૌનું સ્વાગત કરી. મંડળના ૨૫ વર્ષના ઇતિહાસની આછી ઝલક આપી. સંસ્થાના સ્થાપક અધ્યક્ષ શ્રીમતી ધનબાઈ મોતાએ મંડળની પ્રવૃત્તિઓની આછી રૂપરેખા સાથે સૌ તરફથી મળતા રહેલા સાથ સહકારની સહર્ષ નોંધ લીધી. સંસ્થાની કારોબારી સભ્યો દ્વારા પ્રાચીન અને અર્વાચીન સમયની જીવનશૈલીને અનુલક્ષી સુંદર મજાના સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત થઈ.

આજથી અઢી દાયકા પહેલાં ક.દ.ઓ. જ્ઞાતિની કેટલીક બહેનોને સમાજસેવા લક્ષી વિચાર સ્ફૂર્યો કે પ્રાર્થના સભામાં મધ્યમવર્ગીય પરિવારોને રાહત રહે એ માટે આપણે જ એક મંડળ ઊભું કરી, પ્રાર્થના ગીતો ગાઈ સમાજને કંઈક અંશે ઉપયોગી થઈએ... પૂ.શ્રી ચાંપશી ભવાનજી ધરમશી તેમજ પૂ.શ્રી મુરજી રતનશી વીકમશીની પ્રેરણા અને શ્રીમતી ધનબાઈ લખમશી મોતાની જહેમતથી સ્થપાયું શ્રી 'રચના મહિલા મંડળ'.

**શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી નો શૈક્ષણિક કાર્યક્રમ**

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીનો ૩૯મો શૈક્ષણિક કાર્યક્રમ તાઃ ૭/૬/૨૦૧૫ના રોટરી હૉલમાં યોજવામાં આવેલ. નોટબુક, લોંગબુકના દાતા પરિવારના મીનાબેન લોડાયા (મોટી ખાવડી-ઘાટકોપર), દફ્તરના દાતા શેઠશ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા ચેરીટેબલ ટ્રસ્ટ, શાળા ગણવેશ દાતાઓ વતી કપીશભાઈ મોમાયા તથા નિતીનભાઈ સાયલા, કાયમી શૈક્ષણિક ફંડ યોજનાના લકી ડ્રૉ કુપન વિજેતા કુ. વિદિશા કાંતિલાલ દંડ તથા શૈક્ષણિક ઈનામી દાતા પરિવાર વતી બિપીનભાઈ તથા માતુશ્રી મોંઘીબાઈ પદમશી લોડાયા પરિવાર, મુંબઈ મહાજનવતી શ્રી રમેશ લોડાયા, અતુલ ધરમશી, કચ્છથી પધારેલ સોમ ધરમશી, આદિ મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા.

મંડળના પ્રમુખ શ્રી રાયચંદભાઈ જીવાણીએ સૌનુ સ્વાગત કર્યુ. માનદ્ મંત્રી અરવિંદભાઈ લોડાયા એ સમગ્ર કાર્યક્રમ નું સંચાલન કર્યુ. ચેરમેન શ્રી સંજય નાગડા એ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું વિવરણ કર્યુ. સર્વે દાતાશ્રીઓ ના હસ્તે શાળા નોટબુક/લોંગબુક/ગણવેશ-દફ્તરનું વિમોચન પછી તેનું વિતરણ કરવામાં આવ્યું. બિપિનભાઈ નાગડા તથા નિતિનભાઈએ પ્રાસંગિક પ્રવચનો કર્યા.

દરવર્ષે મંડળ દ્વારા ૧૫૦ થી વધુ જરૂરિયાતમંદ બાળકોને શાળા ફી, દફ્તર, ગણવેશ અને સ્ટેશનરી દાતાઓના સહકારથી નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. ધોરણ ૧ થી ૯ ના ગુજરાતી/ઈંગ્લિશના પ્રથમ/દ્વિતીય ક્રમાંકે ઉત્તીર્ણ થયેલ છાત્રોને ટ્રોફી સર્ટીફીકેટ તથા મિલ્ટન ના લંચ બોક્ષ આપી સન્માનિત કરવામાં આવ્યા.


SALE ! SALE ! SALE !

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

ઝવેરી બજાર શાખા બંધ કરવાની હોવાથી

તા. ૮ જૂન થી ૨૦ જૂન ૨૦૧૫ સુધી SALE !

જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ, દરેક પ્રકારના પ્લેન પોત પર **૨૦% થી ૫૦% ડિસ્કાઉન્ટ**

**એક્સક્યુસીવ આઈટમો ઓછા ભાવે ખરીદવાની સોનેરી તક !**

૧૩૪/૩૬, ઝવેરીબજાર, ખારાકુવા સામે. Tel.: 2241 3995 / 2240 2786

માટુંગા શાખા રાબેતા મુજબ ચાલુ : ૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૧૯. Tel.: 2404 3995 / 93222 58574



યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6

tanmantravels@yahoo.co.in

www.tanmantour&travel.com


વર્ષાની ઋતુ આવી પહોંચી છે. વર્ષા ઋતુને વૃક્ષારોપણની ઋતુ ગણીને શક્ય એટલા વધુ વૃક્ષો વાવીયે. જેથી પર્યાવરણ સુધરે અને આપણને ક્યારેય દુકાળની પરિસ્થિતિનો સામનો કરવાનું કે તેનાથી ભય રાખવાનું ન આવે.

*તન-મન પરિવાર*


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની

★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI Continental

ગુજરાતી માધ્યમના નામ પ્રજ્ઞેશ નાગડાએ જાહેર કરેલ તેમજ અંગ્રેજી માધ્યમના નામ ક્રીના સંજય નાગડાએ કહ્યા.

કાર્યક્રમને સફળ બનાવવા વ્યવસ્થાપક સમિતિના સભ્યો તથા શૈક્ષણિક સમિતિના ઉર્વી મૈશેરી, ક્રિના નાગડા, બીના મૈશેરી, પ્રજ્ઞેશ નાગડા, મનોજ ખોના, ચંદ્રેશ ખોના, ધર્મિલ નાગડા, શરદ મૈશેરી, જીગર શિયાડ એ જહેમત લીધી. મંડળના ઉપપ્રમુખ શ્રી અજયભાઈ શિયાડે આભાર વિધિ કરી હતી.

### ભાંડૂપમાં ધ્વજા મહોત્સવ

ભાંડૂપના નેમ રાજૂલની ચોરીવાળા આદિનાથ જિનાયલની ૭૦મી ધ્વજા જેઠ સુદ ૧૧ ને ગુરૂવાર તા. ૨૬-૪-૨૦૧૫ના પૂ. મુનિશ્રી દેવરક્ષિત સા.મ.સા.પ.પૂ.સા.શ્રી વિશ્વલતાશ્રીજી મ.સા. પૂ. સા. શ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાઓની નિશ્રામાં ત્ર્યાન્હિકા મહોત્સવે ભારે ઉલ્લાસે લહેરાવવમાં આવી.

પ્રથમ દિવસે સા.શ્રી. વિશ્વકીર્તીશ્રીજી મ.સા. એ જિનાલયની ધ્વજાનું મહત્ત્વ સમજાવી પ્રેરણા આપી. માતુશ્રી તારાબેન માણેકજી મોતા તરફથી પૂજા ભણાવાઈ. બીજા દિવસે અઢાર અભિષેકમાં આદિનાથ દાદાના અભિષેક માતુશ્રી તારાબેન માણેકજી મોતા રાપરગઢવારી ચંદ્રપ્રભુના અભિષેક વિજયાબેન હરીશ ડાઘા-વરાડીયા, પદ્મપ્રભુના અભિષેક હિરાચંદ મણશી ગોશર - બાયઠ, મહાવીર પ્રભુના અભિષેક શ્રીમતી વિજયાબેન કુંવરજી લોડાયા, ક્ષેત્રપાળદાદાના અભિષેક શ્રી દીપ નિલેશ મોતા રાપરવાળાએ કર્યા, ચલિત પ્રતિમાજી તથા દેવ-દેવીઓના પણ જુદા જુદા પરિવારોએ અભિષેક કર્યા. સુર્યદર્શનનો લ્હાવો મા. નવલબેન બાબુભાઈ દંડ તેરા, ચંદ્રદર્શનનો લ્હાવો માતુશ્રી લક્ષ્મીબેન ટોકરશી લોડાયા રવાવાળાએ લીધો. અભિષેકના દિવસે કુલ મણ ૭૦૧૧ થયા.

ત્રિજા દિવસે પ.પૂ. યતિશ્રી મોતીસાગરજી મ.સા. એ શુદ્ધ વિધી વિધાને અષ્ટ મંગલ નવગ્રહ તથા દશ દિકપાલના પૂજન કરાવ્યા શ્રી પ્રફુલ શીવજી લોડાયા - કોચીનવાળાએ સૂરમય સંગીતની સૂરાવલિ એ મોજ કરાવી. ધજા ફરકાવતાં શ્રી કલ્પેશભાઈ મોતા, શ્રી હીરાલાલ ડાઘા, શ્રી લહેરીન ખોના સહ મહાજનશ્રીની ધાર્મિક કમીટીના સભ્યો સહ ભાંડૂપ સંઘના સભ્યો ભક્તિ ભાવે નાચ્યા હતા.

ચિ. વૈભવ મનોજ લોડાયા બાંઢીયાની જ્ઞાન પંચમી ની પંચવાર્ષીક તપસ્યાની પૂર્ણાહૂતીએ માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયાએ ૨૦૧૨ની મણમાં ધજા ચડાવવાનો લ્હાવો લઈ પરિવારે કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.ના અભિષેક ચક્રેશ્વરીદેવીના અભિષેક મહાકાળી માં, અંબીકા માં, પદમાવતીદેવી ની પ્રથમ પૂજા ૧૦૮ દીવાની આરતી તથા શાંતિ કળશનો લાભ લઈ શ્રેષ્ઠ ફાળો આપ્યો.

૭૦મી ધજાએ અ.સૌ. કાશ્મીરાબેન વિનોદભાઈ સાધારણ ફંડમાં રૂા. ૭૦૦૧ નો ફાળો આપ્યો.

ધર્મ પ્રસંગે મહાજનશ્રીના નાત-જમણનો લાભ લેવાયો હતો. મુનિશ્રી દેવરક્ષિત શ્રીજીના સૂચને ૨૨ આયંબીલ કરતાં તપસ્વીઓને રૂા. ૩૦૦/- ૧ કી ગોળ, ૧ કી સાકરની પ્રભાવના અપાઈ. કર્મચારીઓને પણ રાજી કરાયા.

અઢાર અભિષેક શ્રી સંઘનો સ્વામિ ભક્તિએ ૨૫૦ જણે લાભ આપ્યો.

જિનાલય શણગાર રચાયો. નિત્ય ઢોલ, શરણાઈના મુજરો 'રાજુ ઢોલી'' એ કર્યો. મનોજ લોડાયા, વિપુલ લોડાયા અને યોગેશ પટેલની આગેવાની એ શ્રી સંઘના સંખ્યાબંધ કાર્યકરોએ ઉચિત સેવા આપી. મધુબેન ડાઘા, કુ. હર્ષા દંડ વગેરે બહેનોએ વૈયાવચ્ચ કરી.

ધ્વજા મહોત્સવે કુલ ૫૨,૫૭૭ મણ ઘૃત થયું. શ્રી કુમાર દંડે સૌનું સ્વાગત કરી વ્યવસ્થા સંભાળી.

મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા.ની પ્રથમ વરસીએ અચલગચ્છમાં ગુણ ગૌરવ કાવ્ય હરિફાઈમાં શ્રી લહેરચંદ વેલજી મૈશેરી પ્રથમ ક્રમાંકે રહ્યા, તે નિમિત્તે મહોત્સવ કમીટીએ તેમનું બહુમાન કરી બીરદાવ્યા.

### હેલ્થી વુમન ચેકઅપ કેમ્પનું આયોજન

શ્રી ક.દ.ઓ. જૈન એકત મહિલા મંડળ ગાંધીધામ મંડળ દ્વારા બહેનો માટે હેલ્થી વુમન ચેકઅપ કેમ્પનું આયોજન સ્ટર્લીંગ રામકૃષ્ણ હોસ્પિટલમાં કરવામાં આવ્યું હતું. જેમાં Hb, Fbs, T3T4T5 થાઈરોડ ટેસ્ટ પેપ્સમીઅર ટેસ્ટ, દબ્બ, લીપીડ પ્રોફાઈલ એસ. ક્રીયેટીન વગેરે ટેસ્ટને આવરી લેવાયા હતા. ૪૭ જેટલી બહેનોએ આ કેમ્પમાં ભાગ લીધો. આ આયોજનને સફળ બનાવવા મીના લાલકા, દિપ્તી ધરમશી, મૃદુલા નાગડા, કલ્પના મોતા, લીપીકા મૈશેરી વગેરે કારોબારી કમિટીએ જહેમત ઉઠાવી હતી.


**લગ્નસંબંધી**

મુંબઈસ્થિત સુખી દંડ પરિવારની સુશિક્ષિત બી-કૉમ કુંવારી કન્યા, ઉંચાઈ ૪'.૯'', વજન ૪૫ કિલો માટે મુંબઈસ્થિત સંસ્કારી પાત્રોના વડીલો સંપર્ક કરે :

**93242 37027 / 93234 81793**

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## વરાડીયા ઘાસચારો અભિયાન

હાલના અર્ધ દુકાળમાં પશુઓની કફોળી સ્થિતિને કારણે વરાડીયામાં સ્થાનિક કાર્યકર શ્રી વસંત પટેલની જહેમતથી વરાડીયા વથાણમાં દરરોજ રૂા. ૨૫૦૦/- સુધીનો નીરો ચારો ગામની ગાયો માટે નખાય છે.

વરાડીયાના વતનીઓ તથા શુભેચ્છકોને યથા શક્તિ દાન સાથી સહકાર માટે વિનંતી. અનુમોદનાસહ અત્યારસુધી મળેલ મદદની વિગત.

**રૂા. ૫૦,૦૦૦/-**

માતુશ્રી માંકબાઈ લધાભાઈ મોમાયા

હ. જયંતીલાલભાઈ/અમૃતભાઈ

**રૂા. ૧૧,૦૦૦/-**

શ્રી દિનેશચંદ્ર ગોવિંદજી લોડાયા (મંજલ)

**રૂા. ૧૦,૦૦૦/-**

શ્રી શાંતીલાલ કુંવરજી મોમાયા

માતુશ્રી રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા

શ્રી હિરાલાલ હંસરાજ ડાઘા

**રૂા. ૫,૦૦૦/-**

શ્રી હેમંત ગુલાબચંદ મોમાયા

શ્રી પદમ લાલજી લોડાયા

શ્રીમતી આશા દીપક ડાઘા

માતુશ્રી હીરબાઈ રતનશી ડાઘા

શ્રી તન્મય મનિષ ડાઘા

**રૂા. ૨,૫૦૦/-**

માતુશ્રી મધુબેન મહેન્દ્ર ડાઘા

શ્રીમતી લીના મધુકાંત મોમાયા

શ્રી હરીશ ધનજી ડાઘા

શ્રી જયેશ નલીનચંદ્ર ખોના (વાંકુ)

શ્રી ચેતન શાંતીલાલ ડાઘા

શ્રી શાંતિજિન વાછરા દાદા સમિતિ

શ્રી કુંવરજી આણંદજી મોમાયા (ભલારા કેટરર્સ)

| | | |
|---|---|---|
| સંપર્ક : | **નલીન ડાઘા** | **- 97691 11040** |
| | **હેમંત મોમાયા** | **- 98190 18143** |
| | **અમિત પટેલ** | **- 98200 36329** |
| | **વસંત પટેલ** | **- 99251 69758** |

## શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ સંઘ (મહાજન) રાયપુરના પદાધિકારીઓ, કારોબારી સભ્યો

શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ સંઘ (મહાજન) રાયપુરની તા. ૨૨-૦૩-૨૦૧૫ ની સામાન્ય સભામાં આગામી ત્રણ વર્ષ ૦૧.૦૪.૨૦૧૫ થી ૩૧.૦૩.૨૦૧૮) ની મુદત માટે આ પ્રમાણે પદાધિકારીઓ અને કારોબારી સભ્યો ચૂંટાયા હતા.

**ટ્રસ્ટી :** શ્રી ખીમજીભાઈ નેણશી મોતા (ભાટાપારા), શ્રી યોગેશભાઈ પદમશી દંડ (ભિલાઈ), શ્રી ભુપેશભાઈ ઉમરશી સીયાડ (ધમતરી)

**પદાધિકારી :** અધ્યક્ષ - શ્રી તરૂણ શીવજી લોડાયા, ઉપાધ્યક્ષ - શ્રી હરીશભાઈ જવેરચંદ લોડાયા, સચિવ - શ્રી હિતેશભાઈ મોતીચંદ શિયાડ, સહસચિવ - શ્રી અમિતભાઈ કુલીનકાંત જીવાણી, કોષાધ્યાક્ષ - શ્રી રાયચંદભાઈ લખમશી લોડાયા

**કાર્યકારિણી સદસ્ય :** શ્રી ભુપેન્દ્રભાઈ ગોવિંદજીભાઈ મોમાયા, શ્રી હિરાચંદભાઈ કુવરંજી મૈશેરી, શ્રી પ્રવિણભાઈ માણેકજી મૈશેરી, શ્રી દિનેશભાઈ ડુંગરશી મોમાયા, શ્રી વિજયભાઈ શીવજી લોડાયા, શ્રી રીતેશભાઈ સૂર્યકાંત મૈશેરી, શ્રીમતી ગીતાબેન હરીશ લોડાયા, શ્રીમતી ઉષાબેન દિનેશ મોમાયા

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુન્ડ

મંડળ આયોજીત શ્રી અચલગચ્છધિપતિષ્ઠાયિકા ભગવતી શ્રી મહાકાળી માતાજીની ભાવનાની રવિવાર, તા. ૨૮ જુન ૨૦૧૫ના રાતે ૯.૦૦ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે, જેના લાભ શ્રી કુંવરજી વિરજી શાહ પરિવાર ભરૂડિયા વાળા એ લીધેલ છે.

આવતા માસની ભાવના તા. ૨૬ જુલાઈ ૨૦૧૫ના થશે. જેનો લાભ શ્રી જવેરચંદ લક્ષ્મીચંદ હરશી લોડાયા પરિવાર - રાપરગઢવારી વાળાએ લીધેલ છે.

### ભૂલ સુધાર

પ્રકાશ સમીક્ષાના અંક નં. ૨૩ તા. ૬ જુન થી ૧૨ જુનમાં સમાચાર વિભાગમાં રાપરગઢવારી ધ્વજા મહોત્સવમાં પ્રભુજીની આરતીને બદલે પ્રમુખની આરતી એમ છપાયું તે સુધારને વાંચવું.


### દુકાન વેચવાની છે

ડોમ્બીવલી ઈસ્ટ, માનપાડા રોડ, મહાવીર નગરમાં ૧૪૦ ચો.ફૂટની દુકાન વેચવાની છે. પાણીનો નળ છે, ૧૯ બીલ્ડીંગની સોસાયટી, ડોમ્બીવલી સ્ટેશનથી ૧૦ મિનીટના અન્તરે. સંપર્ક : ધનરાજ રાયચંદ દંડ - 9833980035




## ABDASA (KACHCHH) GAUSHALA TRUST

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

## નયા / બદલાવેલા સરનામા - (પુરું નામ અને નવું સરનામુ મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**જસમુખ પોપટલાલ દંડ** પ્લોટ નં. ૭/૧૧, સ્ટ્રીટ નં. ૩, શીતલ પાર્ક સોસાયટી, હરીયા કોલેજની સામે, ઇંદિરા માર્ગ, જામનગર - ૩૬૧ ૦૦૪. એકતા જે. દંડ - 09825623240,
મો. 099798 71479
ઈલા જે. દંડ - 098258 32111 હાર્દિક જે. દંડ - 089804 19419, વૈશાલી. એચ. દંડ - 082380 56491,

**મહેન્દ્રજી માણેકજી મુનવર** બી-૧, સત્યશીલ કો.ઓ.હા. સોસાયટી, ગ્રાઉન્ડ ફ્લોર, પેસ્તમ સાગર રોડ નં. ૪, ચેમ્બુર, મુંબઈ - ૪૦૦ ૦૮૯.

**પુષ્પા મુલચંદ લાલજી ખોના** ૬૦૨, ભાનુકુંજ, તેજપાલ રોડ, વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૭.

## નવા ટેલિફોન / મોબાઈલ નંબર

**મંજુલાબેન દામજી મૈશેરી** (નાની સિંધોડી) : **022-2102 9746**

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૫.૫.૧૫ | ચેમ્બુર | **નિહાન/** ટીના કમલ મોતીલાલ | જસાપર | પુત્ર |
| ૮.૫.૧૫ | નાગપુર | **ધૈર્ય/** દર્શના પારસ હરીશ લોડાયા | નલીયા | પુત્ર |
| ૨૦.૫.૧૫ | અમેરિકા | **પાર્થ/** અમી દિપક કિરણ લાલજી મૈશેરી | મોટી સિંધોડી | પુત્ર |
| ૨૭.૫.૧૫ | મુલુંડ | **મહી/** કુંજલ જય હેમેન્દ્ર ખોના | જખૌ | પુત્રી |
| ૩૧.૫.૧૫ | ભાંડુપ | **તનુષી/** તન્વી પિયુષ મોતા | કુવાપધ્ધર | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૪.૬.૧૫ | આદિપુર | **ધવલ** બિપીન લોડાયા | નલીયા | ૨૫ |
| | ગાંધીધામ | **વૃધ્ધી** તરલા નાગડા | પરજાઉ | ૨૧ |
| ૭.૬.૧૫ | જલગામ | **પ્રશાંત** જયચંદ તારાચંદ ગોશર | ગોએરસમા | ૨૯ |
| | પૂના | **યામિની** યતીશકુમાર હીરાચંદ છેડા | વારાપધર | ૨૪ |
| ૧૨.૬.૧૫ | મુલુંડ | **યોમેશ** ચંદ્રકાંત વેરશી લોડાયા | મોટી ખાવડી | ૩૬ |
| | મુલુંડ | **રાજશ્રી** વિનોદ શામજી દંડ | સેવકભરૂડીયા | ૩૫ |

### આંતર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧.૫.૧૫ | ખંડવા | **વિવેક** નિરંજન ટોકરશી લોડાયા | રાપરગઢવારી | ૨૯ |
| | બુરહાનપુર | **માધુરી** મદનલાલ આત્મારામ | શેડ | ૨૩ |
| ૧૨.૬.૧૫ | જલગામ | **ભાવિક** અજય રતનશી સોની | સાંયરા | ૨૬ |
| | વાલકેશ્વર | **નેહલ** જગદીશ ભાનુચંદ નાગડા | જખૌ | ૨૬ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧.૫.૧૫ | રાયપુર | **મિથિલ** દિનેશ મોમાયા | નલીયા | - |
| | દમણ | **કરિશ્મા** વિજય વિકમશી | રાણપર | - |

### છૂટા છેડા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧.૮.૧૪ | મુલુંડ | **યોગેશ** ચંદ્રકાંત વેરશી લોડાયા | મોટી ખાવડી | ૩૨ |
| | નેરૂલ | **આરતી** અશોક પદમશી નાગડા | રંગપુર | ૨૮ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯.૫.૧૫ | રાયપુર | **કસ્તુરીબેન** તિલકચંદ મોમાયા | નલીયા | ૭૨ |
| ૭.૬.૧૫ | ખીરકીયા | **લીલાબાઈ** સોમચંદ હીરજી ભાટે (લોડાયા) | વરાડીયા | ૮૭ |
| ૮.૬.૧૫ | વાપી | **પુષ્પાબેન** હંસરાજ ખોના | કોઠારા | ૮૨ |
| ૧૧.૬.૧૫ | ડોંબીવલી | **મુરજી** ભવાનજી નાગડા | રાપરગઢવારી | ૮૧ |
| ૧૧.૬.૧૫ | અમદાવાદ | **હીરાચંદ** વાલજી ધુલ્લા | સુથરી | ૬૦ |

# હાર્દિક અભિનંદન



## ચિ. અભિષેક લલિત ધુલ્લા

ભરૂડીયા - રાજકોટ

**ચિ. અભિષેકને H.S.C. Board માં 99.83% P.R.**

**મેળવવા બદલ હાર્દિક શુભેચ્છાઓ**

**તેં ઉજ્જવળ પરિણામ મેળવ્યું, જાગી સંભાવના અનેક...**
**તારા પુરૂષાર્થથી પ્રસન્ન થઈ સફળતાઓ સ્વંય કરે અભિષેક !**

**સુશીલાબેન પાસવીરભાઈ ધુલ્લા - રાજકોટ**

---

### અભિનંદન



## જય નરેન્દ્ર ખોના

(સાંઘવ, ગાંધીધામ)

**SSC (CBSC Board) 82.6%**

મેળવી પરિવારનું ગૌરવ વધાર્યું છે. અને આ અનેરી સિદ્ધિ
બદલ અભિનંદન તથા ઉજ્વલ ભવિષ્ય માટે
હાર્દિક શુભેચ્છાઓ સાથે

: શુભેચ્છક :

માતૃશ્રી કાંતાબેન આણંદજી હીરજી ખોના પરિવાર

| | |
|---|---|
| અ.સૌ. લીલાવંતી – લહેરચંદ ખોના | અ.સૌ. રીટા – મયુર લોડાયા |
| અ.સૌ. મીનલ – પ્રદિપ ખોના | અ.સૌ. જ્યોતી–વિપુલ મૈશેરી |
| અ.સૌ. ચેતના – જવેરચંદ ખોના | અ.સૌ. હેતલ – મીકીર ખોના |

કુ. વીધી નરેન્દ્ર ખોના

**ACTIVE CARGO MOVERS**

---

## ચેકનાકા પાર્શ્વ મંડળ દ્વારા જ્ઞાતિજનોની એકતા કાજે મહાકાળી ભાવના





શ્રી પાર્શ્વ મિત્ર મંડળ અને શ્રી મહાકાળી મહિલા મંડળ સંયુક્ત ઉપક્રમે મુલુન્ડ ચેકનાકા ખાતે દર મહિને એક વખત રવિવારે રાત્રે શ્રી મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવે છે.

તદ્અનુસાર તા. ૧૭-૫-૨૦૧૫ ના રાત્રે ભાવના શ્રી અનંત મિત્ર મંડળે ભાંડુપ દ્વારા ભણાવવામાં આવેલ, જેમાં આરતીનો ચઢાવો રૂા. ૧૨૧૨/- નો થયેલ. મુલુન્ડ ચેકનાકા ખાતે છૂટાછવાયા ૭૦ પરિવારોનો વસવાટ છે તેમને એક છત્ર હેઠળ લાવવાના પ્રયાસ રૂપે નાના નાના આયોજનો હાથ ધરાય છે જેની જાણ સર્વેને એસએમએસ દ્વારા કરવામાં આવે છે.

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

RAJSHREE YOGA & FAT FREE ZONE ®

Weight Management & Yoga Center
Since 1994

**રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન છેલ્લા ૨૦ વર્ષથી શારિરીક તથા માનસિક તંદુરસ્તીના ક્ષેત્રે અપ્રતિમ...**
જેમના શરીરના બધા અંગો બરાબર છે. પોતાની મેળે ઉઠી, બેસી અને ચાલી શકે છે. તેઓ પણ માંડ માંડ વજન ઉતારી શકે છે. પરંતુ અમારી પાસે જેમને શારીરિક તકલીફો છે. જેઓ ઊઠી, બેસી કે ચાલી નથી શકતા તેવા લોકો પણ વજન ઉતારી શકે છે.

**નામ નહીં કામ બોલે છે**

**માયા સતરા**


પહેલાં


પછી


પહેલાં


પછી

**ટોટલ વજન ઉતાર્યું - ૨૫ કીલો ★ ટોટલ ઈંચ ઉતાર્યા - ૧૩૦ ઈંચ**

માયાબેનને ૧૧ વર્ષની ઉંમરે તાવમાં આખા શરીરે પેરાલીસીસ થઈ ગયું. સારવાર થી બે પગમાં ઘણી રીકવરી આવી અને ડાબો હાથ પણ થોડો ઘણો સારો થયો પણ જમણો હાથ બિલકુલ કામ નથી કરતો. જમીન પર બેસી શકે પણ ઉઠવા માટે કોઇનો સપોર્ટ જોઈએ. વજન વધતું જતું હતું. બ્લડ પ્રેસર પણ વધતા હતા. એ અમારી પાસે પૂછપરછ માટે આવ્યા પણ એમને વિશ્વાસ ન હતો કે તેઓ વજન ઉતારી શકશે. કારણ કે તેમનાથી ખાસ કંઈ યોગા થાય તેમ ન હતું. છતાં એમણે **ફેટ ફ્રી ઝોન** માં પ્રોગ્રામ ચાલુ કર્યો અને એમને એમની સ્થિતિ પ્રમાણેનો નવો કોર્સ ડીઝાઈન કરી ને આપ્યો. પોતાના આત્મવિશ્વાસ, મહેનત અને ફેમીલીના સપોર્ટ થી તેમણે અમારી પાસે ૨૫ કીલો વજન ઉતાર્યું હવે એમના બ્લડ પ્રેસર પણ નોર્મલ રહે છે. એમનું કહેવું છે કે જો તેઓ તેમની શારિરીક તકલીફો હોવા છતાં પણ વજન ઉતારી શકયા છે. તો નોર્મલ શરીરવાળા લોકો ફેટ ફ્રી ઝોનમાં જરૂર વજન ઉતારી શકે છે.

Ph:- 93233 33303, 93218 99909, 24104142

**ખાસ નોંધ : અમારા કોઈ આસીસ્ટન્ટ, આમારા દ્વારા તાલીમ લીધેલ કોઈ વ્યક્તિ કે કયાંય બ્રાન્ચ કે ફ્રેન્ચાઈઝી નથી.
મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી.**

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે , દાદા સાહેબ ફાલકે રોડ, ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે, ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦૦૧૪
વેબસાઈટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,